# શબ્દ અને સૂર



## સુગમ સંગીત

ડૉ. જનક શાહ
શ્રીમતી ભારતી શાહ

અમારા પ્યારા સંતાનો

અને

અમારા બન્નેના

પરિવારના

સર્વે પ્યારા સંતાનોને

સપ્રેમ...



# મન ની વાત......



અમેરિકા આવ્યા પછી એક દિવસ સાથે મળીને ગીત ગાતા હતા ત્યારે ચિ.ભૈરવીએ કહયું, “પપ્પા આ ગીતનો રાગ આવડે છે પણ શબ્દો સ્મૃતિમાં નથી”. ચિ.આશી અને ઈશ્વાનો જન્મ થતા તેમને હાલરડાં અને ગીતો ગાઈને સુવરાવતી વખતે અમુક શબ્દો વિસ્મૃત થઈ જવાની પાછી તેજ સમસ્યા નડવા લાગી. ધરા, આભા, આનંદ, ભૈરવી અને ચિન્ટુને બચપણમાં હિંચકા પર સુવરાવતી વખતે બા નો સથવારો હતો તેથી આ વિસ્મૃતિની સમસ્યા ઓછી નડી હતી. હોસ્પિટલના વેદના ભર્યા દિવસોમાં પૂ. બાની સાથે ગાયેલા ભજનોથી સમેલી વેદના યાદ આવી. અમારી જિંદગીની લગભગ આખી મંજિલ આ સ્તવનો, ગીતો, પ્રાર્થના, ભજનો, હાલરડા, ગરબા, લોકગીતો અને ગઝલોના સથવારામાં કયારે પસાર થઈ ગઈ તેની તો ખબરજ ન પડી. સાથે સાથે તેના દ્વારા જે સંસ્કાર વારસો અમારા માતા-પિતા આપતા ગયા તેની પણ અમને ખબર ન પડી. અત્યારે તેનું મુલ્ય સમજાય છે. નવી પેઢીમાં આ વારસો જળવાય રહે તે અત્યંત આવશ્યક છે. જિંદગીભર એક અફસોસ રહી ગયો છે કે અમે અમારા માતા-પિતાના અવાજને કોઈપણ માધ્યમથી સાચવી નથી શક્યા.

સૂરના જાદુની તો વાત જ કાંઈ અનોખી છે. સૂર ને શબ્દનો કે શબ્દને સૂરનો સથવારો મળેતો જિંદગીની આ લાંબી મંજિલ બહુ

મધુરતાથી પસાર થઈ જાય છે પણ તે સથવારો કયારે મળે? તે માટેનું માધ્યમનું નક્કર સ્વરૂપ સચવાયું હોય અને તે સરળતાથી ઉપલબ્ધ હોય ત્યારે મળે. અમેરિકામાં સમયનો સદ્ઉપયોગ કરતા કરતા, સ્મૃતિ અને ઈન્ટરનેટના સથવારે અમે ગાયેલા, ગાવા ગમે તેવા ચિરંજીવી સ્તવનો, સુગમ ગીતો, ભજનો, લોકગીતો, સ્તવનો, ગરબા, ગઝલો, હાલરડા વગેરેનો નાનકડો સંગ્રહ થઈ ગયો છે. શબ્દની ઉપલબ્ધિ સહુ કોઈ પોતાના કોમ્પ્યુટર પર કરી શકે તે પ્રયોજનથી અહિંયા ‘સૂર અને શબ્દ’ને પ્રસ્તુત કરીએ છીએ. હા, એટલું યાદ રાખવું આવશ્યક છે કે અહિંયા સંગ્રહાયેલ કૃતિના શબ્દોના કોપી રાઈટ જે તે કૃતિના રચયિતાના છે. અહિંયા સંગ્રહાયેલ કૃતિમાં કોઈ શબ્દ-દોષ હોય તો તે કદાચ સ્મૃતિ-દોષ હોવાની સંભાવના છે. તે શબ્દ-દોષનુ નિવારણ થઈ શકે તેમ હોય તો તે તરફ અમારૂં ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે. અવકાશ મળ્યેથી હજી આ સંકલનમાં બીજી કૃતિઓનો સમાવેશ કરવાની ભાવના છે. આજના ઈન્ટરનેટના યુગમાં ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે **readgujarati.com.** અને **tahuko.com.** જેવી વેબસાઈટો અને ગુજરાતી બ્લોગ જગતને લાખ લાખ સલામ. અમને આશા છે કે અમારો આ ‘સૂર અને શબ્દ’નો નાનકડો પ્રયાસ જરૂરીયાતના સમયે મધુર સથવારો અને સંસ્કાર-વારસો પૂરો પાડશે તો આ સંકલન અલેખે નહી જાય.

૧૬-૧-૨૦૦૯ ડૉ. જનક શાહ

અમેરિકા. શ્રીમતી ભારતી શાહ



# : અનુક્રમણિકા :

## સુગમ સંગીત


| ક્રમ | કૃતિ | પેઈજ નંબર |
|---|---|---|
| (૧) | આ મનપાંચમના મેળામાં | ૦૧ |
| (૨) | આ નભ ઝૂક્યું તે કાનજી | ૦૨ |
| (૩) | આજ રે સ્વપનામાં મેં તો | ૦૩ |
| (૪) | આજ મેં તો મધરાતે સાંભળ્યો મોર | ૦૫ |
| (૫) | **आओ बच्चो तुम्हे दिखाये** | ૦૬ |
| (૬) | આવો તો યે સારુ, ન આવો તો યે સારુ, | ૦૭ |
| (૭) | આવ્યાં હવાની જેમ અને ઓસરી ગયાં | ૦૮ |
| (૮) | આંધળી માનો કાગળ | ૦૯ |
| (૯) | ઇંધણા વીણવા ગઇ'તી મોરી સૈયર ... | ૧૧ |
| (૧૦) | ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના.. | ૧૨ |
| (૧૧) | ઊંચી તલાવડી ની કોર પાણી ગ્યાતાં | ૧૩ |
| (૧૨) | એક ઝાડ માથે ઝુમખડું | ૧૪ |
| (૧૩) | એક રજકણ સૂરજ થવાને શમણે, | ૯૨ |
| (૧૪) | **ए मेरे प्यारे वतन** | ૧૭ |
| (૧૫) | **ऐ मेरे वतन के लोगों...** | ૧૫ |
| (૧૬) | ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય | ૧૮ |
| (૧૭) | ઓ નીલ ગગનનાં પંખેરું | ૨૦ |
| (૧૮) | કસુંબીનો રંગ | ૨૧ |
| (૧૯) | કહું કેમ મુજને ગમો છો તમે | ૨૩ |

| | | |
|---|---|---|
| (૨૦) | કાજળ ભર્યાં નયન નાં... | ૨૪ |
| (૨૧) | કાળજા કેરો કટકો | ૨૬ |
| (૨૨) | કિનારાઓ અલગ રહીને | ૨૭ |
| (૨૩) | કોઇનો લાડકવાયો | ૨૮ |
| (૨૪) | કોકવાર આવતાં ને જાતાં મળો છો એમ.. | ૩૧ |
| (૨૫) | કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી.. | ૩૨ |
| (૨૬) | કોયલ ઉડી રે ગઈ ને પગલાં પડી રે રહ્યાં | ૩૩ |
| (૨૭) | ખુશ્બૂમાં ખીલેલા ફૂલ હતાં | ૩૪ |
| (૨૮) | ખોબો ભરીને અમે | ૩૫ |
| (૨૯) | ઘાયલને શું થાય છે ? પૂછો તો ખરા | ૩૬ |
| (૩૦) | ચરર ચરર મારું ચકડોળ | ૩૭ |
| (૩૧) | ચોમાસું ક્યાંક આસપાસ છે; | ૩૮ |
| (૩૨) | છાનું રે છપનું કંઇ થાય નઇ | ૩૯ |
| (૩૩) | છેલાજી રે..... - | ૪૦ |
| (૩૪) | જન ગણ મન અધિનાયક જય હે | ૪૧ |
| (૩૫) | જનનીની જોડ સખી! નહી જડે રે લોલ..... | ૪૨ |
| (૩૬) | જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની | ૧૧૮ |
| (૩૭) | જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે, | ૪૪ |
| (૩૮) | જુદી જિંદગી છે મિજાજે મિજાજે | ૪૫ |
| (૩૯) | ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર ! | ૪૬ |
| (૪૦) | ઝાંઝર અલકમલકથી આવ્યું રે | ૧૧૯ |
| (૪૧) | તને જાતા જોઈ | ૪૭ |
| (૪૨) | તમારાં અહીં આજ પગલાં થવાનાં | ૪૮ |
| (૪૩) | તમે મારાં દેવનાં દીધેલ છો | ૫૦ |
| (૪૪) | તારી બાંકી રે પાઘલડી નું ફૂમતુ રે, | ૫૧ |

| | | |
|---|---|---|
| (૪૫) | તારી આંખનો અફીણી | ૫૩ |
| (૪૬) | તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે, | ૫૪ |
| (૪૭) | તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી.... | ૫૫ |
| (૪૮) | થાય સરખામણી તો ઊતરતા છીએ | ૫૬ |
| (૪૯) | દાદા હો દીકરી | ૫૭ |
| (૫૦) | દિલ મા કોઇની યાદ ના | ૫૯ |
| (૫૧) | દિવસો જુદાઈના જાય છે | ૬૦ |
| (૫૨) | દીકરીતો પારકી થાપણ કહેવાય | ૬૧ |
| (૫૩) | દીકરો મારો લાડકવાયો | ૬૨ |
| (૫૪) | દેખતા દીકરાનો જવાબ | ૬૩ |
| (૫૫) | ધૂણી રે ધખાવી બેલી | ૬૫ |
| (૫૬) | નજરના જામ છલકાવીને | ૬૬ |
| (૫૭) | નદીની રેતમાં રમતું નગર | ૬૭ |
| (૫૮) | નયનને બંધ રાખીને... | ૬૮ |
| (૫૯) | પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં | ૬૯ |
| (૬૦) | પાસપાસે તોયે | ૭૦ |
| (૬૧) | પાણી ગ્યા’તા રે... | ૭૧ |
| (૬૨) | પીયરને પીપળેથી આવ્યું પારેવડું... | ૭૨ |
| (૬૩) | પાંદડુ લીલું ને રંગ રાતો | ૭૪ |
| (૬૪) | ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા, | ૭૫ |
| (૬૫) | મણિયારો તે હાલુ હાલુ | ૭૬ |
| (૬૬) | મને રૂપાની ઝાંઝરી ઘડાવ, | ૭૮ |
| (૬૭) | મારા ભોળા દિલનો | ૭૯ |
| (૬૮) | મારી સગી નણંદના વીરા, | ૮૧ |
| (૬૯) | મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ | ૮૨ |

| | | |
|---|---|---|
| (૭૦) | મારી ગાગરડીમાં ગંગા જમુના રે, | ૮૪ |
| (૭૧) | મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે, | ૮૫ |
| (૭૨) | મારે તે ગામડે એકવાર આવજો... | ૮૬ |
| (૭૩) | મુને એકલી જાણીને ક્હાને છેડી રે... | ૮૭ |
| (૭૪) | મુંબઇથી ગાડી આવી રે, હો દરિયાલાલા | ૮૮ |
| (૭૫) | મેલી મત જા મને એકલી વણજારા | ૮૯ |
| (૭૬) | મેંદી રંગ લાગ્યો | ૯૦ |
| (૭૭) | વાંસલડી ડૉટ કૉમ | ૯૩ |
| (૭૮) | વાદલડી વરસી રે.... | ૯૫ |
| (૭૯) | **सारे जहां से अच्छा हिन्दुस्तां हमारा** | ૯૬ |
| (૮૦) | સાંવરિયો રે મારો સાંવરિયો | ૯૭ |
| (૮૧) | શાંત ઝરૂખે વાટ નિરખતી | ૯૮ |
| (૮૨) | શિવાજીનું હાલરડુ | ૧૦૦ |
| (૮૩) | હસ્તાક્ષર | ૧૦૩ |
| (૮૪) | હાં આં.....આં હાલાં ! | ૧૦૪ |
| (૮૫) | હું તો ફૂલડાં વીણવા ગઇ'તી... | ૧૧૦ |
| (૮૬) | હુ તુ તુ તુ... જામી રમતની ઋતુ.. | ૧૧૧ |
| (૮૭) | હે તને જાતાં જોઇ | ૧૧૩ |
| (૮૮) | હે મુને એકલી મૂકીને રમે રાસ.... | ૧૧૪ |
| (૮૯) | હે રંગલો | ૧૧૫ |
| (૯૦) | હો રંગ રસિયા! | ૧૧૭ |

# આ મનપાંચમના મેળામાં

આ મનપાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે;
કોઈ આવ્યાં છે સપનું લઈને, કોઈ રાત લઈને આવ્યાં છે.
કોઈ ફુગ્ગાનું ફૂટવું લાવ્યા કોઈ દોરાનું તૂટવું લાવ્યા;
કોઈ અંગત ફાડી ખાનારું એકાંત લઈને આવ્યા છે.
કોઈ ઝરમર ઝરમર છાંયડીઓ, કોઈ ઉભડક ઉભડક લાગણીઓ;
કોઈ ફાળ, તો કોઈ તંબુની નિરાંત લઈને આવ્યાં છે.
કોઈ ચશ્મા જેવી આંખોથી વાંચે છે છાપાં વાચાનાં;
ને કોઈ અભણ હોઠો જેવી વિસાત લઈને આવ્યાં છે.
કોઈ ધસમસતા ખાલી ચહેરે, કોઈ ભરચક શ્વાસે ઊમટતા;
કોઈ અધકચરા, કોઈ અણોસરા જજબાત લઈને આવ્યા છે.
કોઈ લાવ્યા ખિસ્સું અજવાળું, કોઈ લાવ્યા મુઠ્ઠી પતંગિયા;
કોઈ લીલી સૂકી આંખોની મિરાત લઈને આવ્યાં છે.
આ પત્થર વચ્ચે તરણાનું હિજરાવું લાવ્યો તુંય 'રમેશ';
સૌના ખભે સૌ અણિયાળી કોઈ વાત લઈને આવ્યાં છે.



# આ નભ ઝૂક્યું તે કાનજી

આ નભ ઝૂક્યું તે કાનજી
ને ચાંદની તે રાધા રે,
આ સરવરજળ તે કાનજી
ને પોયણી તે રાધા રે,
આ બાગ ખીલ્યો તે કાનજી
ને લ્હેરી જતી તે રાધા રે,
આ પરવત-શિખર કાનજી
ને કેડી ચડે તે રાધા રે,
આ ચાલ્યાં ચરણ તે કાનજી
પગલી પડે તે તે રાધા રે,
આ કેશ ગૂંથ્યા તે કાનજી
ને સેંથી પૂરી તે રાધા રે,
આ દીપ જલે તે કાનજી
ને આરતી તે રાધા રે,
આ લોચન મારાં કાનજી
ને નજરું જુએ તે રાધા રે !

“પ્રિયકાંત મણિયાર”



## આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,

આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદિયું રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મે તો ઘમ્મર વલોણું દીઠું જો,
દહીં - દૂધના વાટકા રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો લવિંગ લાકડી દીઠી જો,
ઢીંગલાં ને પોતિયાં રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,
સોનાની થાળી રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મે તો પારસપીપળો દીઠો જો,
તુળસીનો ક્યારો રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મે તો ગુલાબી ગોટો દીઠો જો,
ફૂલડિયાંની ફોર્યું રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

ડોલતો ડુંગર ઇ તો અમારો સસરો જો,
ખળખળતી નદીએ રે સાસુજી મારાં ના'તાં'તાં રે.

ઘમ્મર વલોણું ઇ તો અમારો જેઠ જો,
દહીં - દૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાં'તાં રે.

લવિંગ - લાકડી ઇ તો અમારો દેર જો,
ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાં'તાં રે.

જટાળો જોગી ઇ તો અમારો નણદોઇ જો,
સોનાની થાળીએ રે નણદી મારાં ખાતાં'તાં રે.

પારસ પીપળો ઇ તો અમારો ગોર જો,
તુળસીનો ક્યારો રે ગોરાણી મારાં પૂજતાં'તાં રે.

ગુલાબી ગોટો ઇ તો અમારો પરણ્યો જો,
ફૂલડિયાંની ફોર્યું, સાહેલી, મારી ચૂંદડીમાં રે.



# આજ મેં તો મધરાતે સાંભળ્યો મોર

આજ મેં તો મધરાતે સાંભળ્યો મોર

મધરાતે સાંભળ્યો મોર

વાદળા ય ન્હોતાં ને ચાંદો યે ન્હોતો,

ઝાકળનો જામ્યો તો દોર;

ઝાકળને માનીને વાદળનો વીઝણો,

છેતરાયો નટવો નઠોર.

ઉષાની પાંપણ જ્યાં અધમીચી ઊઘડી,

કાજલ કરમાણી કોર;

રંગ કેરાં ફૂમતડાં ફંગોળી મોરલે,

સંકેલી લીધો કલશોર.

“ઇન્દુલાલ ગાંધી”



# आओ बच्चो तुम्हे दिखाये झाकी हिन्दुस्थान की

आओ बच्चो तुम्हे दिखाये झाकी हिन्दुस्थान की
इस मिट्टि से तिलक करो यह धरती है बलिदान की॥धृ॥

ये हे मुल्क मराथाओं का यहां शिवाजी डॉला था,
मुघलों की ताकत को इसने तल्वारों पे तोला था,
हर परबत पर आग लगी थी, हर पत्थर एक सोला था,
बोली हर हर महादेव की बच्चा बच्चा बोला था,
शेर शिवाजी ने राखी थी लाज हमारी जान की,
इस मिट्टि से तिलक करो यह धरती है बलिदान की॥धृ॥
वन्दे मातरम् वन्दे मातरम्

जलियावालां बाग को देखो, यहां चली थी गोलियां,
य मत पूछो किसने खेली यहां खून की होलियां
एक तरफ बंदूक की धन्-धन एक तरफ थी गोलियां
मरनेवाले बोल रहे थे ईंकलाब की बोलियां,
यहां लगा दी बहेनोंने भी बाजी अपनी जान की,

इस मिट्टि से तिलक करो यह धरती है बलिदान की॥धृ॥



<u>આવો તો યે સારુ, ન આવો તો યે સારુ,</u>

પ્રીતિનું પુષ્પ ખીલે છે ઘડીભરની જુદાઇમાં
અજંપો લાગતો મીઠો મીઠો પ્રીતની સગાઇમાં

આવો તો યે સારુ, ન આવો તો યે સારુ,
તમારું સ્મરણ છે તમારાથી પ્યારું

આવો ને જાઓ તમે ઘડી અહીં ઘડી તહીં
યાદ તો તમારી મીઠી અહીં ની અહીં રહી

મોંધું તમારાથી સપનું તમારું
તમારું સ્મરણ છે તમારાથી પ્યારું

મિલનમાં મજા શું, મજા ઝુરવામાં
બળીને શમાના, પતંગો થવામાં

માને ના મનાવ્યું મારું હૈયું નઠારું
તમારું સ્મરણ છે તમારાથી પ્યારું



# આવ્યાં હવાની જેમ અને ઓસરી ગયાં

આવ્યાં હવાની જેમ અને ઓસરી ગયાં,
શો શૂન્યતાથી જામ સપનનો ભરી ગયાં !
વીતી ગઈ એ વેળ, હવે અહીં કશું નથી,
સ્મરણો ય આવી આવીને પાછાં ફરી ગયાં !
હું શું કરું જ્યાં કંઠ જરી ય ખૂલતો નથી,
ગીતો તો કેટલું ય અરે કરગરી ગયાં !
તારા ગયાં પછે ન બન્યું કંઈ નવું અહીં,
અધઊઘડી બે છીપથી મોતી ઝરી ગયાં !
જોઈ અટૂલી મ્હેંક સમય પૂછતો ફરે -
'ફોર્યાં અહીં જે ફૂલ તે ક્યારે ખરી ગયાં!'
વાતો રહી ગઈ એ કસુંબલ મિજાજની,
એ ઘેન, એ ઘટા, એ ઘૂંટ, સહું સરી ગયાં !
એની ખીણો મહીં જ સમય ખૂંપતો ગયો,
શબ્દો અજાણતા જે તમે કોતરી ગયાં !

"રાજેન્દ્ર શુક્લ"



# આંધળી માનો કાગળ

અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત,
પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવે ખત,
ગગો એનો મુંબઇ કામે;
ગીગુભાઇ નાગજી નામે.

લખ્ય કે માડી ! પાંચ વરસમાં પ્હોંચી નથી એક પાઇ
કાગળની એક ચબરખી પણ, તને મળી નથી ભાઇ !
સમાચાર સાંભળી તારા,
રોવું મારે કેટલા દ્હાડા ?

ભાણાનો ભાણિયો લખે છે કે, ગગુ રોજ મને ભેળો થાય,
દન આખો જાય દાડિયું ખેંચવા રાતે હોટલમાં ખાય,
નિત નવાં લૂગડાં પ્હેરે
પાણી જેમ પઇસા વેરે.

હોટલનું ઝાઝું ખાઇશ મા, રાખજે ખરચી-ખૂટનું માપ,
દવાદારૂના દોકડા આપણે કાઢશું ક્યાંથી, બાપ !
કાયા તારી રાખજે રૂડી,
ગરીબની ઇ જ છે મૂડી.

ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ,
જારનો રોટલો જડે નહિ તે દી પીઉં છું એકલી છાશ,
તારે પકવાનનું ભાણું,
મારે નિત જારનું ખાણું.

દેખતી તે દી દળણાં-પાણી કરતી ઠામેઠામ,
આંખ વિનાનાં આંધળાંને હવે કોઇ ન આપે કામ,
તારે ગામ વીજળીદીવા,
મારે આંહીં અંધારાં પીવાં.

લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર
એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર.
હવે નથી જીવવા આરો,
આવ્યો ભીખ માગવા વારો.

"ઇંદુલાલ ગાંધી"



## ઇંધણા વીણવા ગઇ'તી મોરી સૈયર …

ઇંધણા વીણવા ગઇ'તી મોરી સૈયર …
ઇંધણા વીણવા ગઇ'તી રે લોલ
વેળા બપોરની થઇ'તી મોરી સૈયર,
વેળા બપોરની થઇ'તી રે લોલ

ચૈતરનું આભ સાવ સુનું સુનું તોયે
કંઇથી કોકિલ કંઠ બોલે રે લોલ
વનની વનરાઇ બધી નવલી તે કુંપળે
દખ્ખણને વાયરે ડોલે રે લોલ

જેની તે વાટ જોઇ રઇ'તી મોરી સૈયર
તેની સંગાથે વાટ વઇ'તી રે લોલ

સુકી મેં વીણી કંઇ ડાળી ને ડાખળી
સુકા અળૈયા ને વીણ્યા રે લોલ
લીલી તે પાંદળીમાં મેહકંતા ફૂલ બે
મારે અંબોડલે સોહ્યા રે લોલ

વક્ત્રક્ત વહેણમા ન'ઇતી મોરી સૈયર
વક્ત્રક્ત વહેણમા ન'ઇતી રે લોલ

ઇંધણા વીણવા ગઇ'તી મોરી સૈયર …
ઇંધણા વીણવા ગઇ'તી રે લોલ
વેળા બપોરની થઇ'તી મોરી સૈયર,
વેળા બપોરની થઇ'તી રે લોલ

## ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના..

ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના;
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વ્હાલમના.

ગામને પાદર ઘૂઘરા વાગે,
ઊંઘમાંથી મારાં સપનાં જાગે,
સપનાં રે લોલ વ્હાલમનાં.
ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના.

કાલ તો હવે વડલાડાળે ઝૂલશું લોલ,
કાલ તો હવે મોરલા સાથે કૂદશું લોલ,
ઝૂલતાં ઝોકો લાગશે મને,
કૂદતાં કાંટો વાગશે મને,
વાગશે રે બોલ વ્હાલમના.
ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના.

આજની જુદાઇ ગોફણ ઘાલી વીંઝશું લોલ,
વાડને વેલે વાલોળપાપડી વીણશું લોલ.
વીંઝતાં પવન અડશે મને,
વીણતાં ગવન નડશે મને,
નડશે રે બોલ વ્હાલમના.
ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના;
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વ્હાલમના.

"મણિલાલ દેસાઇ"

# ઊંચી તલાવડી ની કોર પાણી ગ્યાતાં

ઊંચી તલાવડી ની કોર પાણી ગ્યાતાં
પાણી ભરતા રે જોયો સાહ્યબો

બોલે અષાઢીનો મોર પાણી ગ્યાતાં
પાણી ભરતા રે જોયો સાહ્યબો.

ગંગા જમની બેડલું ને કીનખાબી ઇંઢોણી
નજરૂ ઢાળી હાલું તો'ય લાગી નજરૂ કોની...ઊંચી...

વગડે ગાજે મુરલી ના શોર, પાણી ગ્યાતાં
પાણી ભરતા રે જોયો સાહ્યબો.

ઊંચી તલાવડી ની કોર પાણી ગ્યાતાં
પાણી ભરતા રે જોયો સાહ્યબો

"અવિનાશ વ્યાસ"



# એક ઝાડ માથે ઝુમખડું

એક ઝાડ માથે ઝુમખડું
ઝુમખડે રાતા ફૂલ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો..

એક સરોવર પાળે આંબલિયો
આંબલિયે ઝૂલતી ડાળ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો..

એક આંબા ડાળે કોયલડી
એનો મીઠો મીઠો સાદ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો..

એક નરને માથે પાઘલડી
પાઘડીયે ફૂમતા લાલ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો..

એક ભાલે કંકુ ચાંદલિયો
એના રાતા રાતા તેજ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો..



# ऐ मेरे वतन के लोगों...

ऐ मेरे वतन के लोगों, तुम खूब लगा लो नारा
ये शुभ दिन है हम सब का, लहरा लो तिरंगा प्यारा
पर मत भूलो सीमा पर वीरों ने है प्राण गँवाए
कुछ याद उन्हें भी कर लो -२
जो लौट के घर न आये -२

ऐ मेरे वतन के लोगों, ज़रा आँख में भर लो पानी
जो शहीद हुए हैं उनकी, ज़रा याद करो क़ुरबानी

जब घायल हुआ हिमालय, खतरे में पड़ी आज़ादी
जब तक थी साँस लड़े वो, फिर अपनी लाश बिछा दी
संगीन पे धर कर माथा, सो गये अमर बलिदानी
जो शहीद...

जब देश में थी दीवाली, वो खेल रहे थे होली
जब हम बैठे थे घरों में, वो झेल रहे थे गोली
थे धन्य जवान वो आपने, थी धन्य वो उनकी जवानी
जो शहीद...

कोई सिख कोई जाट मराठा, कोई गुरखा कोई मदरासी
सरहद पर मरनेवाला, हर वीर था भारतवासी
जो खून गिरा पर्वत पर, वो खून था हिंदुस्तानी
जो शहीद...

थी खून से लथ-पथ काया, फिर भी बन्दूक उठाके
दस-दस को एक ने मारा, फिर गिर गये होश गँवा के
जब अन्त-समय आया तो, कह गये के अब मरते हैं
खुश रहना देश के प्यारों, अब हम तो सफ़र करते हैं
क्या लोग थे वो दीवाने, क्या लोग थे वो अभिमानी
जो शहीद...

तुम भूल न जाओ उनको, इस लिये कही ये कहानी,
जो शहीद...

जय हिन्द... जय हिन्द की सेना -२
जय हिन्द, जय हिन्द, जय हिन्द.



# <u>ए मेरे प्यारे वतन</u>

ए मेरे प्यारे वतन, ए मेरे बिछडे चमन, तुझ पे दिल कुर्बान
तू ही मेरी आरजू, तू ही मेरी आबरु, तू ही मेरी जान

तेरे दामन से जो आये उन हवांओ को सलाम,
चूम लूं में उस जुंबा को जीस पे आए तेरा नाम,
सबसे प्यारी सुबहा तेरी, सबसे रंगी तेरी शाम, तुझ पे दिल कुर्बान

मां का दिल बनके कभी सीने से लग जाता है तू,
और कभी नन्ही सी बेटी बनके याद आता है तू,
जितना याद आता है तू उतना तडपाता है तू, तुझ पे दिल कुर्बान

छोडकर तेरी जमीं को दूर आ पहुंचे है हम,
फिर भी है येही तमन्ना तेरे जर्रो की कसम,
हम जहां पेदा हुए उस जगह ही निकले दम, तुझ पे दिल कुर्बान

"गुलजार"



# ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય

ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય,
ના ના રે રહેવાય, ના ના રે સહેવાય,
ના કોઈ ને કહેવાય..
ઓઢણી ઉડે તો ભલે ઉડી જાય,
તારું મુખડું મલકાય, તારું જોબન છલકાય,
મારાં હૈયામાં કૈં કૈં થાય..
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય..
ઓ રે ઓ રે મેઘ વરસે ને ભીંજે ચીર..
હાય હાય હાય વાગે તીર, વાગે તીર.
ઓ રે ઓ રે તારું ચંદંન સરીખું શરીર,
હાય હાય હાય નીતરે નીર, નીતરે નીર.
રૂપ દૂર થી જોવાય, ના ના રે અડકાય,
ઇ તો અડતા કરમાય..
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય..
ઓ.. મારે નેણ લજ્જા લહેરે છે..
હો.. તારા રૂપ ની ભીનાશ તને ઘેરે છે.
હું તો સંકોરુ કાય, અંગ અંગથી ભીંસાય,
મને મરવાનું થાય..
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય..

હાય રે.. ઓલી વીજળી કરે ચમકાર,
હાય હાય હાય વારંવાર..
ઓ રે.. ઈ તો હૈયાનાં સાંધે તાર,
હોયે હોયે હોયે નમણી નાર..
મારૂં મનડું મુંજાય, એવે લાગી રે લ્હાય
ના ના રે બુજાય..
ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય..

"કાંતિ અશોક"



# <u>ઓ નીલ ગગનનાં પંખેરૂં</u>

ઓ નીલ ગગનનાં પંખેરૂં,તુ કાં નવ પાછો આવે,
મને તારી ઓ મને તારી યાદ સતાવે, ઓ નીલ....
સાથે રમતા સાથે ભમતાં, સાથે નાવલડીમાં તરતાં
એક દરિયાનું મોજુ આવ્યું, વાર ન લાગી આવી તુજને સરતાં
આજ લગી તારી વાટ જોવુ છું,તારો કોઈ સંદેશો ના આવે...
મને તારી...(2) ઓ નીલગગનનાં પંખેરુ તારા વિના ઓ
જીવનસાથી જીવન સૂનું સૂનું ભાસે
પાંખો પામી ઊડી ગયો તું,જઈ બેઠો તું ઊંચે આકાશે
કેમ કરી હું આવુ તારી પાસે...(2)
મને કોઈ ના માર્ગ બતાવે...(2) મને તારી
ઓ મને તારી યાદ સતાવે ઓ નીલગગનનાં પંખેરૂં....
મોરલા સમ વાટલડી જોઉં, ઓ રે મેહુલા તારી
વિનવુ વારંવાર તુને, તુ સાંભળી લે વિનંતિ મારી
તારી પાસે છે સાધન સૌએ, તુ કા નવ મને બોલાવે ...(2)
મને તારી યાદ સતાવે...(2) ઓ નીલગગનનાં પંખેરૂં....

"રમેશ ગુપ્તા"



# કસુંબીનો રંગ

લાગ્યો કસુંબીનો રંગ -
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ !

જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ. - રાજ..

બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ. -
રાજ..

દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પાળે સ્વાધીનતાની કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ. -
રાજ..

ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ -
રાજ..

નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે પાયો કસુંબીનો રંગ. -
રાજ...

પિડિતની આંસુડાધારે - હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ. -
રાજ

ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ. -
રાજ...

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : રંગીલા હો ! પીજો કસુંબીનો રંગ;
દોરંગાં દેખીને ડરિયાં : ટેકીલા તમે! હોંશિલા તમે ! રંગીલા તમે
લેજો કસુંબીનો રંગ!

રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ -
લાગ્યો કસુંબીનો રંગ !
ઝવેરચંદ મેઘાણી



# <u>કહું કેમ મુજને ગમો છો તમે</u>

કહું કેમ મુજને ગમો છો તમે
દિવસ રાત દિલમાં રમો છો તમે

વિચારોમાં મારા સદાયે રહો
છતાં ક્યાં કદિયે મળો છો તમે

સ્મરણ બસ તમારું કરું રાત દિન
નયનના ઝરુખે રહો છો તમે

ગુન્હો ચાહવાનો કર્યો છે હવે
સજા જોઇએ શું કરો છો તમે

હ્રદય પર મુકી હાથ સાચુ કહો
કદી યાદ મુજને કરો છો તમે



## <u>કાજળ ભર્યાં નયન નાં...</u>

*જીવનમાં જો દુ:ખો હોયે તો જીવન મદિરાધામ થઇ જાયે,*
*આ દિલ સુરાહી ને નયન જામ થઇ જાયે.*
*તુજ નયનમાં નિહાળું છું સઘળી રાસલીલા હું,*
*જો કીકી રાધા થઇ જાયે તો કાજળ શ્યામ થઇ જાયે.*

કાજળ ભર્યાં નયન નાં કામણ મને ગમે છે
કારણ નહિ જ આપું, કારણ મને ગમે છે
કાજળ ભર્યાં નયન નાં...
જીવન અને મરણની હર ક્ષણ મને ગમે છે
કે ઝેર પણ ગમે છે, મારણ મને ગમે છે
કારણ નહિ જ આપું, કારણ મને ગમે છે
કાજળ ભર્યાં નયન નાં...
દિલ તો હવે તને શું દુનિયાને પણ નહિ દઉં
એ પણ મને ગમે છે, આ પણ મને ગમે છે
કારણ નહિ જ આપું, કારણ મને ગમે છે
કાજળ ભર્યાં નયન નાં...
લાવે છે યાદ ફૂલો છાબો ભરી ભરી ને
છે ખુબ મહોબત્તીની માલણ મને ગમે છે

કારણ નહિ જ આપું, કારણ મને ગમે છે

કાજળ ભર્યાં નયન નાં...

‘ઘાયલ’ મને મુબારક આ ઉર્મીકાવ્ય મારાં

મેં રોઇને ભર્યાં છે એ રણ મને ગમે છે

કારણ નહિ જ આપું, કારણ મને ગમે છે

કાજળ ભર્યાં નયન નાં...

અમૃત ‘ઘાયલ’



# <u>કાળજા કેરો કટકો</u>

કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગ્યો
મમતા રૂવે જેમ વેળુમા વીરડો ફૂટી ગ્યો
છબતો નહીં જેનો ધરતી ઉપર, પગ ત્યાં થીજી ગ્યો,
ડુંગરા જેવો ઉંબરો એણે માંડ રે ઓળંગ્યો
બાંધતી નહીં અંબોડલો બેની, ઇ મર ને છૂટી ગ્યો,
રાહુ બની ઘુંઘટડો મારા ચાંદને ગળી ગ્યો
આંબલીપીપળી ડાળ બોલાવે હે બેના એકવાર હામું જો
અરે ધૂમકા દેતી જે ધરામાં ઈ આરો અણહર્યો
ડગલે ડગલે મારગ એને સો સો ગાઉનો થ્યો
ધારથી હેઠી ઉતરી બેની મારો સૂરજ ડુબી ગ્યો
લૂંટાઈ ગ્યો મારો લાડખજાનો 'દાદ' હું જોતો રયો
જાન ગઈ જાણે જાન લઈ હું તો સૂનો માંડવડો

"કવિ દાદ"



# કિનારાઓ અલગ રહીને ઝરણને જીવતું રાખે,

કિનારાઓ અલગ રહીને ઝરણને જીવતું રાખે,
અલગતા આપણી એમ જ સ્મરણને જીવતું રાખે.

તળાવો મૃગજળોના જેમ રણને જીવતું રાખે,
બસ એમ જ સ્વપ્ન તારું એક જણને જીવતું રાખે.

સમયના સૂર્યનું ચાલે તો સળગાવી મૂકે સઘળું,
વ્યથાના વાદળો વાતાવરણને જીવતું રાખે.

કહો, એવી હયાતીને કોઈ તકલીફ શું આપે?
જે અંદરથી મરી જઈ આવરણને જીવતું રાખે.

અનાયાસે તો જીવનમાં બધું ભૂલી જ જઈએ, પણ -
પ્રયાસો વિસ્મરણના ખુદ સ્મરણને જીવતું રાખે.

'રઈશ' આ દોસ્તો તારા અધૂરા છે શિકારીઓ,
ખૂંપાવી તીર જે અડધું, હરણને જીવતું રાખે.

"રઈશ મનીઆર"

# કોઇનો લાડકવાયો

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે;
ઘાયલ મરતાં મરતાં રે! માતની આઝાદી ગાવે.

કોની વનિતા, કોની માતા, ભગિનીઓ ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશૈયા પર લળતી;
મુખથી ખમ્મા ખમ્મા કરતી માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટતા રણજોધ્ધા જોવાને,
શાબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને;
નિજ ગૌરવ કેરે ગાને જખમી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એક્લવાયો અબોલ એક સૂતેલો;
અણપૂછયો અણપ્રીછેલો કોઇનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઇ જનેતા ના’વી;
એને સીંચણ તેલ-કચોળા નવ કોઇ બહેની લાવી;
કોઇના લાડકવાયાની ન કોઇએ ખબર પૂછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યાં ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી;
કોઇનો લાડકવાયાની આંખડી અમૃત નીતરતી.

કોઇના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મ્રતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં;
આતમ-લપક ઓલાયો, ઓષ્ટનાં ગુલાબ કરમાયાં.

કોઇનાં એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એનાં હૈયા ઊપર કર-જોડામણ કરજો;
પાસે ધૂપસળી ધરજો, કાનમાં પ્રભુપદ ઉચરજો!

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ક હુંબન ધીરે;
સહુ માતા ને ભગિની રે! ગોદ લેજો ધીરે ધીરે.

વાંકડિયા એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા;
રે! તમ ચુંબન ચોડાતાં પામશે લાડકડો શાતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજા અહનિરશ પ્રભુને પાયે પડતી;
ઉરની એકાંતે રડતી વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસુ ઘોળી છેલ્લું તિલક કરતાં,
એને કંઠ વીંટાયાં હોશે કર બે કંકણવંતા;
વસમાં વળામણાં દેતાં બાથ ભીડી બે પળ લેતાં.

એની કૂચકદમ જોતી અભિમાન ભરી મલકાતી,
જોતી એની રૂધિર - છલક્તી ગજગજ ફ્લોળી છાતી;
અધબીડ્યાં બારણિયાંથી રડી કો હશે આંખ રાતી.

એવી કોઇ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે;
કોઇના લાડકવાયાને ચૂમે પાવકજ્વાલા મોઢે.

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઇ કવિતા લાંબી;
લખજો: 'ખાક પડી આંહી કોઇના લાડકવાયાની'.
"ઝવેરચંદ મેઘાણી"

## કોકવાર આવતાં ને જાતાં મળો છો એમ..

કોકવાર આવતાં ને જાતાં મળો છો એમ,
મળતા રહો તો ઘણું સારું
હોઠ ના ખૂલે તો હવે આંખોથી હૈયાની
વાતો કરો તો ઘણું સારું

પૂનમનો ચાંદ જ્યાં ઉગે આકાશમાં
ઉછળે છે સાગરના નીર
મારું એ ઉર હવે ઉછળવા ચાહે એવું
બન્યું છે આજ તો અધીર

સાગરને તીર તમે આવો ને ચાંદ શા
ખીલી રહો તો ઘણું સારું
હોઠ ના ખૂલે તો હવે આંખોથી હૈયાની
વાતો કરો તો ઘણું સારું

મારી છે કુંજ કુંજ વાસંતી વાયરે
કોયલ કરે છે ટહુકારો
આવો તમે તો મન ટહુકે આનંદમાં
ખીલી ઉઠે આ બાગ મારો
શાને સતાવો, મારી ઉરની સિતારના
તારો છેડો તો ઘણું સારુ
હોઠ ના ખૂલે તો હવે આંખોથી હૈયાની
વાતો કરો તો ઘણું સારું

<u>કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી..</u>

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે ડાળખી...

લીંબડીની આજ ડાળ ઝુલાવે, લીંબોળી ઝોલા ખાય,
હીંચકો નાનો બેનનો એવો, આમ ઝુલણ્યો જાય,
લીંલુડી લીંબડી હેઠે, બેનીબા હિંચકે હીંચે..........કોણ...

એ પંખીડા, પંખીડા, ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવ,
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો......કોણ...

આજ હીંચોડુ બેનડી, તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય
કોયલ ને મોરલા બોલે, બેની નો હીંચકો ડોલે.....

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે ... બેનડી જુલે
...ભઇલો ઝુલાવે ડાળખી.

"અવિનાશ વ્યાસ"

# કોયલ ઉડી રે ગઈ ને પગલાં પડી રે રહ્યાં

કોયલ ઉડી રે ગઈ ને પગલાં પડી રે રહ્યાં
સુના સરવર ને સૂનુ આમ્બલિયું
એના પાંદડે પાંદડા રડી રે રહ્યાં

આયખું વેઠીને પાન પીળું રે થયું
માડીની આંખોમાં આન્સુ ના રહ્યું
વનનુ પિયરીયું સૂનુ રે પડ્યું
એના ટહુકા હવે ના જડી રે રહ્યાં

સહિયરની આંખોમા વેદનાની વાણી
સહિયરની આંખલડી કહેતી રે કહાણી
એક આંખે ફાગણ ને એક આંખે શ્રાવણ
જો ને વિજોગ ના વાદળા ચડી રે રહ્યાં

વાદલડી ને કેજો કે સૂરજને ઢાંકે
ઝાંછો રે તાપ મારી દીકરી ના સાંખે
હળવેથી વેલડુ હાંકજોરે ભાઈ
એને વાટ્યુ ના કાંકરા નડી રે રહ્યાં

“અવિનાશ વ્યાસ.”



# ખુશ્બૂમાં ખીલેલા ફૂલ હતાં

ખુશ્બૂમાં ખીલેલા ફૂલ હતાં ઊર્મિમાં ડૂબેલા જામ હતા,
શું આંસુનો ભૂતકાળ હતો - શું આંસુનાં પણ નામ હતાં.

થોડીક શિકાયત કરવી'તી થોડક ખુલાસા કરવા'તા,
ઓ મોત જરા રોકાઈ જતે - બેચાર મને પણ કામ હતાં.

હું ચાંદની રતે નીકળ્યો'તો ને મારી સફર ચર્ચાઈ ગઈ,
કંઈ મંઝિલ પણ મશહૂર હતી - કંઈ રસ્તા પણ બદનામ હતાં.

જીવનની સમી સાંજે મારે જખ્મોની યાદી જોવી'તી,
બહુ ઓછાં પાનાં જોઈ શક્યો બહુ અંગત અંગત નામ હતાં.

પેલા ખૂણે બેઠા છે એ "સૈફ" છે મિત્રો જાણો છો ?!
કેવો ચંચલ જીવ હતો ને કેવા રમતારામ હતા !

'સૈફ' પાલનપુરી



# <u>ખોબો ભરીને અમે</u>

ખોબો ભરીને અમે એટલું હસ્યાં
કે કૂવો ભરીને અમે રોઈ પડ્યાં.

ખટમીઠાં સપનાઓ ભૂરાં ભૂરાં
કુંવારા સોળ વરસ તૂરાં તૂરાં
અમે ધુમ્મસના દરિયામાં એવાં ડૂબ્યાં.
કે હોડી-ખડક થઈ અમને નડ્યાં.

ક્યાં છે વીંટી અને કયાં છે રૂમાલ?
ઝૂરવા કે જીવવાનો ક્યાં છે સવાલ?

કૂવો ભરીને અમે એટલું રડ્યાં
કે ખોબો ભરીને અમે મોહી પડ્યાં.

"જગદીશ જોષી"



## ઘાયલને શું થાય છે ? પૂછો તો ખરા

ઘાયલને શું થાય છે ? પૂછો તો ખરા
આંખ મિલાવી આંખ કાં શરમાઇ છે? પૂછો તો ખરા

પ્રેમનો અંજામ પણ આવો હશે, ના હતી ખબર
દિલ દઇ દિલદાર પણ છોડી જશે, ના હતી ખબર
આંખે આવી શમણાં ક્યાં વિખરાય છે? પૂછો તો ખરા

દિલ છે તારી પાસને હું દૂર છું, કોને કહું?
આંધીમાં અટવાયો હુ મજબૂર છું, કોને કહું?
ભૂલ નથી પણ સજા મને કાં થાય છે? પૂછો તો ખરા

મનમંદિરમાં દેવ બનાવી જેની પૂજા કરતી'તી
આશાના દિવડા પ્રગટાવી ચરણે ફૂલો ધરતી'તી
એ અણમોલા ફૂલો કાં કરમાય છે ? પૂછો તો ખરા

"અવિનાશ વ્યાસ"



## <u>ચરર ચરર મારું ચકડોળ</u>

**ચરર ચરર મારું ચકડોળ ચાલે,**
**ચાકડચૂં ચીંચીં ચાકડચૂં ચીંચીં તાલે,**
**આજે રોકડા ને ઉધાર કાલે,**
**ચરર ચરર....**
**ઓ લાલ ફેંટાવાળા, ઓ સોમાભાઇના સાળા,**
**ઓ કરસનકાકા કાળા, ઓ ભુરી બંડીવાળા,**
**મારું ચકડોળ ચાલે, ચાકડચૂં ચીંચીં ચાકડચૂં ચીંચીં તાલે,**
**ચરર ચરર....**
**અધ્ધર પધ્ધર, હવામાં સધ્ધર, એનો હિંચકો હાલે,**
**નાનાં મોટાં, સારા ખોટાં, બેસી અંદર મ્હાલે,**
**અરે બે પૈસામાં બાબલો જોને આસમાનમાં ભાળે,**
**ચાકડચૂં ચીંચીં ચાકડચૂં ચીંચીં તાલે,**
**ચરર ચરર....**
**ચકડોળ ચઢે, ઊંચે નીચે, જીવતર એવું ચડતું પડતું,**
**ઘડીમાં ઉપર, ઘડીમાં નીચે, ભાગ્ય એવું સૌનું ફરતું,**
**દુ:ખ ભુલીને સુખથી ઝુલો નસીબની ઘટમાળે,**
**ચાકડચૂં ચીંચીં ચાકડચૂં ચીંચીં તાલે,**
**આજે રોકડા ને ઉધાર કાલે,**
**ચરર ચરર...**

<u>ચોમાસું ક્યાંક આસપાસ છે;</u>

આંખોમા બેઠેલા ચાતક કહે છે,
મારું ચોમાસું ક્યાંક આસપાસ છે;
ગાલો પર લજ્જાની લાલી ફૂટ્યાનું
કોઈ કારણ પૂછે તો કહું ખાસ છે.
કોરી કુંવારી આ હાથની હથેળીમાં માટીની ગંધ રહી જાગી;
તરસ્યા આ હોવાના કોરા આકાશમાં આષાઢી સાંજ એક માંગી.
વરસાદી વારતાઓ વાંચી વાંચીને
હવે ભીજાવું એ તો આભાસ છે;
ગાલો પર લજ્જાની લાલી ફૂટ્યાનું
કોઈ કારણ પૂછે તો કહું ખાસ છે, આંખોમા....
કોરપની વેદના તો કેમે સહેવાય નહીં રૂંવે રૂંવેથી મને વાગે;
પહેલા વરસાદ તણું મધમીઠું સોણલું રહી રહીને મારામાં જાગે.
નસનસ આ ફાટીને વહેવા ચહે છે,
આ તે કેવો આષાઢી ઉલ્લાસ છે;
ગાલો પર લજ્જાની લાલી ફૂટ્યાનું
કોઈ કારણ પૂછે તો કહું ખાસ છે.
આંખોમા બેઠેલા...

"તુષાર શુક્લ"



<u>છાનું રે છપનું કંઇ થાય નઇ</u>

છાનું રે છપનું કંઇ થાય નઇ
ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય
એક ઘાયલ ને પાયલ બે છૂપ્યા છૂપાય નઇ
ઝાંઝરને સંતાડી રાખ્યું રખાય નઇ

આંખ્યો બચાવી ને આંખના રતનને
પરદામાં રાખીને સાસુ નણંદને
ચંપાતા ચરણો એ મળ્યુ મળાય નઇ

નણદી ને નેપૂર બે એવા અનાડી
વ્હાલા પણ વેરી થઇ ખાય મારી ચાડી
આવેલા સપનાનો લ્હાવો લેવાય નઇ

"અવિનાશ વ્યાસ"



## છેલાજી રે..... -

છેલાજી રે.....

મારે હાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો ;

એમાં રૂડાં રે મોરલિયા ચિતરાવજો

પાટણથી પટોળાં મોંઘાં લાવજો..... છેલાજી રે.....

રંગ રતુંબલ કોર કસુંબલ,

પાલવ પ્રાણ બિછવજો રે

પાટણથી પટોળાં મોંઘાં લાવજો..... છેલાજી રે.....

ઓલ્યા પાટણ શે'રની રે, મારે થાવું પદમણી નાર,

ઓઢી અંગ પટોળું રે, એની રેલાવું રંગધાર;

હીરે મઢેલા ચૂડલાની જોડ મોંઘી મઢાવજો રે,

પાટણથી પટોળાં મોંઘાં લાવજો..... છેલાજી રે.....

ઓલી રંગ નીતરતી રે, મને પામરી ગમતી રે,

એને પહેરતાં પગમાં રે, પાયલ છમછમતી રે;

નથણીલવિંગિયાં ને ઝૂમખાંમાં મોંઘાં મોતી મઢાવજો રે,

પાટણથી પટોળાં મોંઘાં લાવજો..... છેલાજી રે.....

"અવિનાશ વ્યાસ"



# જન ગણ મન અધિનાયક જય હે

જન ગણ મન અધિનાયક જય હે
ભારત ભાગ્યવિધાતા
પંજાબ સિન્ધુ ગુજરાત મરાઠા
દ્રાવિડ ઉત્કલ બંગ
વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા
ઉચ્છલ જલધિ તરંગ
તવ શુભ નામે જાગે
તવ શુભ આશીષ માંગે
ગાહે તવ જયગાથા
જન ગણ મંગલદાયક જય હે
ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે
જય જય જય જય હે ।



## જનનીની જોડ સખી! નહી જડે રે લોલ.....

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે
જનનીની જોડ સખી! નહી જડે રે લોલ.
પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ,
જગથી જૂદેરી એની જાત રે ... જનનીની
અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એના વેણ રે ... જનનીની
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે ... જનનીની
દેવોને દૂધ એનાં દોહ્યલા રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે ... જનનીની
જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે ... જનનીની
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે ... જનનીની
મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતા ખૂટે ન એની લહાણ રે ... જનનીની

ધરતી માતા એ હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે ... જનનીની
ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે ... જનનીની
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે ... જનનીની
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે
જનનીની જોડ સખી! નહી જડે રે લોલ.

"દામોદર ખુશાલદાસ બોટાદકર"

## જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,

જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,
ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.

પહેલા પવનમાં ક્યારે હતી આટલી મહેક,
રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે.

ઘૂંઘટ ખુલ્યો હશે ને ઊઘડી હશે સવાર,
ઝુલ્ફો ઢળી હશે ને પછી રાત થઈ હશે.

ઊતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં,
તારા જ રૂપરંગ વિષે વાત થઈ હશે.

'આદિલ'ને તે જ દિવસથી મળ્યું દર્દ દોસ્તો,
દુનિયાની જે દિવસથી શરૂઆત થઈ હશે.

"આદિલ મન્સૂરી"



# જુદી જિંદગી છે મિજાજે મિજાજે

જુદી જિંદગી છે મિજાજે મિજાજે
જુદી બંદગી છે નમાજે નમાજે
છે એક જ સમંદર થયુ એટલે શુ
મુસાફર જુદા છે પ્રવાસે પ્રવાસે
ભલે હોય એકજ અંતર થી વહેતા
છે સુરો જુદેરા રિયાજે રિયાજે
જિવન જેમ જુદા કાયા ય જુદી
છે મુત્યુ જુદા જનાજે જનાજે
હટી જાય ઘુંઘટ ઢળી જાય ઘુંઘટ
જુદી પ્રિત જાગે મલાજે મલાજે
કેમ રહો ગાફીલ હજીયે છો ગફીલ
જુઓ દુનિયા બદલે તકાજે તકાજે
જુદા અર્થ છે શબ્દ ના બોલવામા
છે શબ્દો જુદા અવાજે અવાજે

- ગાફીલ

# ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર !

ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર !
હાલો ને જોવા જાયેં રે
મોરલી વાગી રે, રાજાના કુંવર.

ચડવા તે ઘોડો હંસલો રે, રાજાના કુંવર,
પીતળિયા પલાણ રે. – મોરલી.....

બાંયે બાજુબંધ બેરખા રે, રાજાના કુંવર,
દસેય આંગળીએ વેઢ રે. – મોરલી.....

માથે મેવાડાં મોળિયાં રે, રાજાના કુંવર,
કિનખાબી સુરવાળ રે. – મોરલી.....

પગે રાઠોડી મોજડી રે, રાજાના કુંવર,
ચાલે ચટકતી ચાલ્ય રે. – મોરલી....

ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર !
હાલો ને જોવા જાયેં રે
મોરલી વાગી રે, રાજાના કુંવર.



# તને જાતા જોઈ

તને જાતા જોઈ પનઘટની વાટે
મારૂ મન મોહી ગયુ,
તારા રૂપાળા ગોરા ગોરા ઘાટે,
મારૂ મન મોહી ગયુ,
કેડે કંદોરોને કોટમાં દોરો
તારા લહેરિયાની લાલ લાલ ભાતે,
મારૂ મન મોહી ગયુ,
રાસે રમતી આંખને ગમતી
પૂનમની રઢિયાળી રાતે,
મારૂ મન મોહી ગયુ,
બેંડલુ માઠે ને મહેંદી ભરી હાથે
તારી ગાગરની છલકાતી છાંટે,
મારૂ મન મોહી ગયુ,
તને જાતા જોઈ પનઘટની વાટે
મારૂ મન મોહી ગયુ,
“અવિનાશ વ્યાસ”

## <u>તમારાં અહીં આજ પગલાં થવાનાં</u>

તમારાં અહીં આજ પગલાં થવાનાં,
ચમનમાં બધાને ખબર થૈ ગઇ છે.
ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ,
ફૂલોનીય નીચી નજર થૈ ગઇ છે.

શરમનો કરી ડોળ સઘળું જુએ છે
કળી પાંદડીઓના પડદે રહીને,
ખરું જો કહી દઉં તો વાતાવરણ પર
તમારાં નયનની અસર થૈ ગઇ છે.

બધી રાત લોહીનું પાણી કરીને
બિછાવી છે મોતીની સેજો ઉષાએ,
પધારો કે આજે ચમનની યુવાની
બધાં સાધનોથી સભર થૈ ગઇ છે.

હરીફોય મેદાન છોડી ગયા છે
નિહાળીને કીકી તમારાં નયનની,
મહેકંત કોમળ ગુલાબોની કાયા
ભ્રમર – ડંખથી બેફિકર થૈ ગઇ છે.

પરિમલની સાથે ગળે હાથ નાખી -
કરે છે અનિલ છેડતી કૂંપળોની,
ગજબની ઘડી છે તે પ્રત્યેક વસ્તુ,
પુરાણા મલાજાથી પર થૈ ગઇ છે.

ઉપસ્થિત તમે છો તો લાગે છે ઉપવન,
કલાકારનું ચિત્ર સંપૂર્ણ જાણે,
તમે જો ન હો તો બધા કહી ઊઠે કે;
વિધાતાથી કોઇ કસર થૈ ગઇ છે.

‘ગની’, કલ્પનાનું જગત પણ છે કેવું,
કે આવી રહી છે મને મારી ઇર્ષ્યા !
ઘણી વાર આ જર્જરિત જગમાં રહીને,
ઘણી જન્નતોમાં સફર થૈ ગઇ છે.

“ગની દહીંવાલા”



## તમે મારાં દેવનાં દીધેલ છો

તમે મારાં દેવનાં દીધેલ છો, તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થઇને રો' !
મા'દેવ જાઉં ઉતાવળી ને જઇ ચડાવું ફૂલ ;
મા'દેવજી પરસન થિયા ત્યારે આવ્યાં તમે અણમૂલ !
તમે મારું નગદ નાણું છો, તમે મારું ફૂલ વસાણું છો,
આવ્યાં ત્યારે અમર થઇને રો' !
મા'દેવ જાઉં ઉતાવળી ને જઇ ચડાવું ફૂલ,
પારવતી પરસન થિયાં ત્યારે આપ્યો હૈયાનો હાર. – તમે.....
હડમાન જાઉં ઉતાવળી ને જઇ ચડાવું તેલ,
હડમાનજી પરસન થિયા ત્યારે ઘોડિયાં બાંધ્યાં ઘેર. – તમે.....
ચીચણ પાસે પાલડી ને ત્યાં તમારી ફૈ ;
પાનસોપારી ખાઇ ગઇ, કંકોતરીમાંથી રૈ. – તમે.....
ભાવનગર ને વરતેજ વચ્ચે રે' બાળુડાની ફૈ ;
બાળુડો જ્યારે જલમિયો ત્યારે ઝબલા ટોપીમાંથી ગૈ
બાળુડો જ્યારે પરણશે ત્યારે નોતરામાંથી રૈ. – તમે.....



<u>તારી બાંકી રે પાઘલડી નું ફૂમતુ રે, મને ગમતું રે,</u>

(છંદ)

*હે... શ્રાવણે સારા, શરદ ધારા, કૈંક તારા કામની...*
*પહેરી પટોળા, રંગ ઢોળા, ભમે ટોળા ભામિની...*
*શણગાર સજીયે, રૂપ રજીએ, ભૂલ ત્યજીએ, ભાન ને...*
*ભરપૂર જોબનમાંયે ભામન કહે રાધા કાનને...*
*જી કહે રાધા કાન ને... જી કહે રાધા કાનને...*

તારી બાંકી રે પાઘલડી નું ફૂમતુ રે, મને ગમતું રે,
આ તો કહું છું રે પાતળીયા, તને અમથું ! ..... તારી બાંકી
તારા પગનું પગરખું ચમચમતું રે
અને અંગનું અંગરખુ તમતમતું રે ,
મને ગમતું રે, આતો કહું છું રે પાતળીયા, તને અમથું !.....
તારી બાંકી રે.....

પારકો જાણીને તને ઝાઝું શું બોલવુ ?
ને અણજાણ્યો જાણી તને મન શું ખોલવું ?
તને છેટો ભાળીને મને ગમતું રે !
આ તો કહું છું રે પાતળીયા, તને અમથું !..... તારી બાંકી

હાથમાં ઝાલી ડાંગ કડિયાળી,
હરિયાળો ડુંગરો આવતો રે હાલી;
લીંબુની ફાડ જેવી આંખડીયું ભાળી,
શરમ મૂકીને તોયે થાઉં શરમાળી.
તારા રૂપનું તે ફૂલ મધમધતું રે, મને ગમતું રે,
આ તો કહું છું રે પાતળિયા, તને અમથું !..... તારી બાંકી

કોણ જાણે કેમ મારા મનની ભીતરમાં એવું તે ભરાયું શું
એક મને ગમતો આભનો ચાંદલોને ને બીજો ગમતો તું !
ઘરમાં, ખેતરમાં કે ધરતી ના થરમાં
તારા સપનનમાં મન મારું રમતું રે , મને ગમતું રે,
આ તો કહું છું રે પાતળીયા, તને અમથું !..... તારી બાંકી
“અવિનાશ વ્યાસ”



# તારી આંખનો અફીણી

તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી
તારા રૂપની પૂનમનો પાગલ એકલો (2)

આજ પીઉં દરશનનું અમૃત, કાલ કસુંબલ કાવો,
તાલ પુરાવે દિલની ધડકન, પ્રીત બજાવે પાવો,
તારી મસ્તીનો મતવાલો આશક એકલો... હે તારા
રૂપની....
તારી આંખનો અફીણી....

પાંખોની પરખે પરબડી આંખો જુએ પીયાવો
અદલ બદલ તનમનની મૌસમ ચાતકનો ચકરવો
તારા રંગ નગરનો રસિયો નાગર એકલો...હે તારા
રૂપની...
તારી આંખનો અફીણી....

“ વેણીભાઇ પુરોહિત”



તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત ... ઊગી પૂનમની રાત ...
આસમાની ચૂંદડીમાં, લહેરણિયાં લ્હેરાય રે,
પૂનમની રાત ... ઊગી પૂનમની રાત ...
ગોરો ગોરો ચાંદલિયો ને દિલ ડોલાવે નાવલિયો,
કહેતી મનની વાત રે ...
પૂનમની રાત ... ઊગી પૂનમની રાત ...
તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત ... ઊગી પૂનમની રાત ...
ઓરી ઓરી આવ ગોરી, ઓરી ઓરી,
ચાંદલિયો હિંચોળે તારા હૈયા કેરી દોરી,
રાતલડી રળિયાત રે ...
પૂનમની રાત ... ઊગી પૂનમની રાત ...
તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત ... ઊગી પૂનમની રાત ...
ગરબે ઘૂમો, ગોરી ગરબે ઘૂમો,
રૂમો ઝૂમો, ગોરી રૂમો ઝૂમો,
રસ રમે જાણે શામળિયો ,
જમુનાજીને ઘાટ રે ...
પૂનમની રાત ... ઊગી પૂનમની રાત ...
તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત ... ઊગી પૂનમની રાત ...

## <u>તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી....</u>

તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી
મને સૂતીને સપને જગાડ્યા કરી
બાંવરી આ આંખ મારી આમ તેમ ઘુમે
ઝાંઝરથી લજ્જા વેરાય
એકલી ના મહેલમાં ઓશિકે —-
મધુવનમાં વાયુ લહેરાય
હું તો બાહુના બંધમાં બંધાયા કરી
તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી
નીલ રંગી છાંય થઇ તારો આ સુર મારી
યમુનાના જળમાંહી દોડે
જાગી ને જોઉં તો જાણું નહીં કે કેમ
કેમ મોરપિંછ મ્હેકે અંબોડે
મને અનહદના રંગમાં ડુબાડ્યા કરી
તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી

"સુરેશ દલાલ"



# થાય સરખામણી તો ઊતરતા છીએ

થાય સરખામણી તો ઊતરતા છીએ
તે છતાં આબરૂ અમે દીપાવી દીધી.
એમના મહેલ ને રોશની આપવા
ઝુંપડી પણ અમારી જલાવી દીધી.
ઘોર અંધાર છે આખી અવની ઉપર
તો જરા દોષ એમાં અમારો’ય છે
એક તો કંઇ સીતારા જ નહોતા ઉગ્યા
ને અમે પણ શમાઓ બુઝાવી દીધી
કોઇ અમને નડ્યા તો ઊભા રહી ગયા
પણ ઊભા રહી અમે કોઇને ના નડ્યા
ખુદ અમે તો ના પહોંચી શક્યા મંઝીલે
વાટ કીન્તુ બીજાને બતાવી દીધી
કોણ જાણે હતી કેવી વર્ષો જૂની
જીંદગી મા અસર એક તન્હાઇની
કોઇએ જ્યાં અમસ્તુ પૂછ્યુ કેમ છો
એને આખી કહાણી સુણાવી દીધી.
જીવતાં જે ભરોષો ઇશ પર
એ મર્યા બાદ ‘બેફામ’ સાચો પડ્યો
જાત મારી ભલે ને તરાવી નહી
લાશ મારી પરંતુ તરાવી દીધી.
બરકત વિરાણી ‘બેફામ’



# દાદા હો દીકરી

દાદા હો દીકરી, દાદા હો દીકરી, વાગડમાં મ દેજો રે સૈ
વાગડની વઢીયારણ સાસુ દોહ્યલી રે, સૈયોં કે હમચી,

સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

દીએ દળાવે મુને, દીએ દળાવે મુને, રાતલડીએ કંતાવે રે સૈ
પાછલે રે પરોઢીએ પાણી મોકલે રે, સૈયો કે હમચી,

સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઓશીકે ઈંઢોણી વહુ, ઓશીકે ઈંઢોણી વહુ, પાંગતે સીંચણિયું રે સૈ
સામી તે ઓરડીએ, વહુ તારું બેડલું રે, સૈયો કે હમચી,

સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઘડો બુડે નહિ, ઘડો બુડે નહિ, મારું સીંચણિયું નવ પૂગે રે સૈ
ઊગીને આથમિયો દિ કૂવા કાંઠડે રે, સૈયો કે હમચી,

સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઊડતા પંખીડા વીરા, ઊડતા પંખીડા વીરા,

સંદેશો લઈ જાજો રે સૈ
દાદાને કહેજો કે દીકરી કૂવે પડે રે, સૈયો કે હમચી,

સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કહેજો દાદાને રે , કહેજો દાદાને રે ,

મારી માડીને નવ કહેજો રે સૈ
મારી માડી બિચારી આંશુ સારશે રે, સૈયો કે હમચી,

સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કૂવે ન પડજો દીકરી, કૂવે ન પડજો દીકરી,

તળાવે નવ પડજો રે સૈ
અંજવાળી તે આઠમનાં આણાં આવશે રે, સૈયો કે હમચી,

સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી



# દિલ મા કોઇની યાદ ના પગલાં રહી ગયા

દિલ મા કોઇની યાદ ના પગલાં રહી ગયા,
ઝાંકળ ઊડી ગયું અને ડાઘાં રહી ગયા.

એને મળ્યા છતાંય કોઇ વાત ના થઇ,
ગંગા સુધી ગયા અને પ્યાસા રહી ગયા.

ફૂલો લઇને બાગથી હું નીકળી ગયો,
ને પાનખરના હાથમાં કાંટા રહી ગયા.

વરસ્યા વિના જંતી રહી શિર પરથી વાદળી,
'આદિલ' નજર ઉઠાવીને જોતા રહી ગયા.

"આદિલ મંસૂરી"



# દિવસો જુદાઈના જાય છે

દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી:
મારો હાથ ઝાલીને લઈ જશે, મુજ શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી,ન ગગન સુધી,નહી ઉન્નતિ,ન પતન સુધી,
ફકત આપણે તો જવુ હતું, હર એકમેકના મન સુધી.

તમે રાંકનાં છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં,
જો અરજ કબૂલ હો આટલી તો હ્રદયથી જાઓ નયન સુધી.

તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી !
તમે તન પે રહો ઘડી બે ઘડી, અમે સાથ દઈએ કફન સુધી.

જો હ્રદયની આગ વધી ‘ગની’, તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી;
કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.

“ગની દહીંવાલા”



# દીકરીતો પારકી થાપણ કહેવાય

બેના રે..

સાસરીયે જાતાં જોજો પાંપણના ભીંજાય

દીકરીતો પારકી થાપણ કહેવાય

દીકરી ને ગાય, દોરે ત્યાં જાય

દીકરીતો પારકી થાપણ કહેવાય

બેની તારી માથે બાપનો હાથ હવે નહી ફરશે

રમતી તું જે ઘરમાં એની ભીંતે-ભીંતો રડશે

બેના રે.. વિદાયની આ વસમીવેળા રોકે ના રોકાય

દીકરી તો પારકી થાપણ કહેવાય

તારા પતિનો પડછાયો થઈ, રહેજે સદાયે સાથે

સોહાગી કંકુ સેંથામાં, કંકણ શોભે હાથે

બેના રે.. તારી આ વેણીનાં ફૂલો કોઈ દિ ના કરમાય

દીકરી તો પારકી થાપણ કહેવાય

આમ જુઓ તો આંસુ સૌનું પાણી જેવું પાણી

સુખનું છે કે દુ:ખનું એતો કોઈ શક્યું ના જાણી

બેના રે.. રામ કરે સુખ તારું કોઈ દિ નજર્યું ના નજરાય

દીકરી તો પારકી થાપણ કહેવાય

દીકરી ને ગાય, દોરે ત્યાં જાય

દીકરી તો પારકી થાપણ કહેવાય

“અવિનાશ વ્યાસ”



# <u>દીકરો મારો લાડકવાયો</u>

દીકરો મારો લાડકવાયો દેવ નો દીધેલ છે,
વાયરા જરા ધીરા વાયજો એ નીંદમાં પોઢેલ છે. દીકરો મારો...
રમશું દડે કાલ સવારે જઇ નદીને તીર,
કાળવી ગાયના દૂધની પછી રાંધશું મીઠી ખીર,
આપવા તને મીઠી મીઠી આંબલી રાખેલ છે. દીકરો મારો...
કેરીઓ કાચી તોડશું અને ચાખશું મીઠા બોર,
છાંયડા ઓઢી ઝુલશું ઘડી થાશે જ્યાં બપોર,
સીમ વચાળે વડલા ડાળે હીંચકો બાંધેલ છે. દીકરો મારો...
ફૂલની સુગંધ ફૂલનો પવન ફૂલના જેવું સ્મિત,
લાગણી તારી લાગતી જાણે ગાય છે ફૂલો ગીત,
આમતો તારી આજુબાજુ કાંટા ઊગેલ છે. દીકરો મારો...
હાલકડોલક થાય છે પાપણ મરક્યા કરે હોઠ,
શમણે આવી વાત કરે છે રાજકુમારી કો'ક,
રમતાં રમતાં હમણાં એણે આંખડી મીંચેલ છે. દીકરો મારો...
દીકરો મારો લાડકવાયો દેવ નો દીધેલ છે,
વાયરા જરા ધીરા વાયજો એ નીંદમાં પોઢેલ છે.
દીકરો મારો લાડકવાયો.....

"કૈલાસ પંડિત"



## દેખતા દીકરાનો જવાબ

ફાટ્યાં-તૂટ્યાં જેને ગોદડી ગાભાં, આળોટવા ફૂટપાથ,
આંધળી ડોશીનો દેખતો દીકરો, કરતો મનની વાત.
વાંચી તારાં દુ:ખડાં માડી ! ભીની થઈ આંખડી મારી.

પાંચ વરસમાં પાઈ મળી નથી, એમ તું નાખતી ધા,
આવ્યો તે દિ'થી આ હોટલને ગણી, માડી વિનાના 'મા'
બાંધી ફૂટપાયરી જેણે, રાખ્યો રંગ રાતનો એણે !

ભાણિયો તો માડી ! થાય ભેળો જે દિ' મિલો બધી હોય બંધ,
એક જોડી મારાં લૂગડાંમા, એને, આવી અમીરીની ગંધ ?
ભાડે લાવી લૂગડાં મોંઘા, ખાતો ખારા દાળિયા સોંઘા.

દવાદારૂ આંહી આવે ન ઢૂંકડા, એવી છે કારમી વેઠ,
રાત ને દિવસ રળું તોયે મારું, ખાલી ને ખાલી પેટ,
રાતે આવે નીંદર રૂડી, મારી કને એટલી મૂડી.

જારને ઝાઝા જુહાર કે'જે, ઊડે આંહી મકાઈનો લોટ,
બેસવા પણ ઠેકાણું ના મળે, કૂબામાં તારે શી ખોટ ?
મુંબઈની મેડીયું મોટી, પાયામાંથી સાવ છે ખોટી.

ભીંસ વધીને ઠેલંઠેલા, રોજ પડે હડતાળ,
શે'રના કરતા ગામડામાં, મને દેખાય ઝાઝો માલ,
નથી જાવું દાડિયે તારે, દિવાળીએ આવવું મારે.

કાગળનું તારે કામ શું માડી ! વાવડ સાચા જાણ,
તારા અંધાપાની લાકડી થાવાના, મેં લીધા પચખાણ,
હવે નથી ગોઠતું માડી, વાંચી તારી આપદા કાળી.

"ઇંદુલાલ ગાંધી"



## ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની

ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની
ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની

ભૂલો રે પડ્યો રે હંસો આંગણે ઊડીને આવ્યો
તન-મનથી તરછોડાયો, મારગ મારગ અથડાયો
હે ગમ ના પડે રે એને ઠાકુર તારા નામની
ધૂણી રે ધખાવી બેલી...

કોને રે કાજે રે જીવડા ઝંખના તને રે લાગી
કોની રે વાટ્યું જોતા ભવની આ ભાવટ ભાગી
હે તરસ્યું રે જાગી જીવને ભક્તિ કેરા જામની
ધૂણી રે ધખાવી બેલી...

"અવિનાશ વ્યાસ"



## નજરના જામ છલકાવીને ચાલ્યા ક્યાં તમે....

નજરનાં જામ છલકાવીને ચાલ્યા ક્યાં તમે
જીગરને આમ તરસાવીને ચાલ્યા ક્યાં તમે નજરના ....
તમને બોલાવે પ્યાર તમે ઉભા રહો
દિલના ખુલ્લા છે દ્વાર તમે ઉભા રહો
જરા ઉભા રહો, જરા ઉભા રહો
જીવનને આંગણે આવીને ચાલ્યા ક્યાં તમે, નજરના ....
મારી થઇ ગઇ છે ભુલ મને માફ કરો
મેં તો આપ્યા છે ફુલ મને માફ કરો
મને માફ કરો, મને માફ કરો
પ્રણયના ફુલ કરમાવી ને ચાલ્યા ક્યાં તમે નજરના ....
થઇને પુનમની રાત તમે આવ્યા હતા
થઇને જીવન પ્રભાત તમે આવ્યા હતા
તમે આવ્યા હતા, તમે આવ્યા હતા
વિરહની આગ સળગાવીને ચાલ્યા ક્યાં તમે નજરના ....
નજરનાં જામ છલકાવીને ચાલ્યા ક્યાં તમે
જીગરને આમ તરસાવીને ચાલ્યા ક્યાં તમે

બરકત વિરાણી ‘બેફામ’

# નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દ્રશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.
વતનની ધૂળથી માથુ ભરી લઉં ‘આદિલ’,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

“આદિલ મન્સૂરી”



## નયનને બંધ રાખીને મે જયારે તમને જોયા છે

અશ્રુ વિરહની રાત ના ખાળી શક્યો નહિ
પાછા નયન ના નુર ને વાળી શક્યો નહિ
હું જેને કાજ અંધ થયો રોઇ રોઇ ને
તે આવ્યા તારે એને નિહાળી શક્યો નહિ

નયનને બંધ રાખીને મે જયારે તમને જોયા છે
તમે છો એના કરતા પણ વધારે તમને જોયા છે

ઋતુ એકજ હતી પણ રંગ નો ‘તો આપણો એક જ
મને સહેરા એ જોયો છે બહારે તમને જોયા છે

પરંતુ અર્થ એનો એ નથી કે રાત વીતી ગઇ
નહીં તો મેં ઘણી વેળા સવારે તમને જોયા છે



# પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં
જાણે મૌસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં

ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યાં
જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો રામ
એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યાં

જરા ગાગર છલકી ને તમે યાદ આવ્યાં
જાણે કાંઠા તોડે છે કોઇ મહેરામણ હો રામ
સહેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યાં

કોઇ ઠાલું મલક્યું ને તમે યાદ આવ્યાં
જાણે કાનુડાના મુખમાં બ્રહ્માંડ દીઠું રામ
કોઇ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યાં

કોઇ આંગણે અટક્યું ને તમે યાદ આવ્યાં
જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ
એક પગલું ઉપડ્યું ને તમે યાદ આવ્યાં



# પાસપાસે તોયે કેટ્લાં જોજન દૂરનો આપણે વાસ !

પાસપાસે તોયે કેટ્લાં જોજન દૂરનો આપણે વાસ !
જેમ કે ગગન સાવ અડોઅડ તોય છેટાંનો ભાસ.

રાતદીનો સથવાર તે સામે મળવાનું તો
કોઇ દહાડો સુખ મળતું નથી,
આવકારાનું વન અડાબીડ, બારણું ખોલી
ફળિયામાં સળવળતું નથી;

આસુંનેયે દઇ દીધો છે ભવનો કારાવાસ...
પાસપાસે તોયે કેટ્લાં જોજન દૂરનો આપણે વાસ !

ઝાડથી ખરે પાંદડું એમાંય
કેટલાં કિરણ આથમ્યાનું સંભારણું હશે?
આપણી વચ્ચે 'આવજો'ની કોઇ ભીંત હશે,
કે યાદ જેવું કોઇ બારણું હશે?

પડખે સૂતાં હોય ને લાગે શમણાનો સહવાસ !
જેમ કે ગગન સાવ અડોઅડ તોય છેટાંનો ભાસ.

માધવ રામાનુજ



# <u>પાણી ગ્યા'તા રે...</u>

પાણી ગ્યા'તા રે બેની અમે તળાવનાં રે
પાળેથી લપસ્યો પગ, બેડાં મારાં નંદવાણા રે

ચોરે બેઠાં રે બેની તારા સસરાજી
કેમ કરી ઘરમાં જઈશ કે બેડાં તારાં નંદવાણા રે
લાંબા તાણીશ રે બેની મારાં ઘુંઘટા રે
રૂમઝુમ કરતી જઈશ કે બેડાં મારાં નંદવાણા રે

શેરીએ બેઠાં રે બેની તારા જેઠજી
કેમ કરી ઘરમાં જઈશ કે બેડાં તારાં નંદવાણા રે
લાંબા તાણીશ રે બેની મારાં ઘુંઘટા રે
ધમ ધમ કરતી જઈશ કે બેડાં મારા નંદવાણા રે

ઓટલીએ બેઠાં રે બેની તારા સાસુજી
કેમ કરી ઘરમાં જઈશ કે બેડાં તારાં નંદવાણા રે
લાંબા તાણીશ રે બેની મારાં ઘુંઘટા રે
હળવે હળવે જઈશ કે બેડાં મારાં નંદવાણા રે

ઓરડે બેઠાં રે બેની તારા પરણ્યાજી
કેમ કરી ઘરમાં જઈશ કે બેડાં તારાં નંદવાણા રે
આઘા રાખીશ રે બેની મારાં ઘુંઘટા રે
મલકી મલકી જઈશ કે બેડાં મારાં નંદવાણા રે



# <u>પીયરને પીપળેથી આવ્યું પારેવડું...</u>

પીયરને પીપળેથી આવ્યું પારેવડું,
પારેવડાં ને સોના કેરી ચાંચ રે..
પારેવડાં ને કોઇ ના ઉડાડશો..

મૈયરનું ખોરડું ને મૈયરની ગાવડી,
મૈયરની સામે એક નાની તલાવડી,
એવા મારા મૈયરનું આ રે પારેવડું,
એને આવે ના ઉની આંચ રે..
પારેવડાંને કોઇ ના ઉડાડશો..

એ રે પારેવડાંમાં જનક ને જનેતા,
એ રે પારેવડે મારો ભાઇ..
એ રે પારેવડાંમાં નાનકડી બેનડી,
એ રે પારેવડે ભોજાઇ..
પારેવડાંના વેશમાં આજ મારે આંગણે,
મૈયર આવ્યું સાચો-સાચ રે..
પારેવડાં ને કોઇએ ના ઉડાડશો..

એ રે પારેવડે મારા મૈયરનો મોરલો,
એ રે પારેવડે મારા દાદાજીનો ઓટલો,
એ રે પારેવડું મને જોતું રે વ્હાલથી,
એને કરવા દ્યો થનગન થન નાચ રે..
પારેવડાં ને કોઇ ના ઉડાડશો..

પીયરને પીપળેથી આવ્યું પારેવડું,
પારેવડાં ને સોના કેરી ચાંચ રે..
પારેવડાં ને કોઇ ના ઉડાડશો..



# પાંદડુ લીલું ને રંગ રાતો

પાંદડુ લીલું ને રંગ રાતો
હે જી મારી મહેંદીનો રંગ મદમાતો....

ભુલી રે પડી હું તો રંગના બજારમાં
લાગ્યો મને રંગ કેરો છાંટો
પાંદડુ લીલું ને રંગ રાતો

રેશમની કાયા તારી જાણે લજામણી
લટકંતી લટ્ટો તારી ભુલ રે ભુલામણી
રૂપને ઘેરીને બેઠો ઘુંઘટનો છેડલો..
વાયરાની લ્હેરમાં લહેરાતો
પાંદડુ લીલું ને રંગ રાતો

રંગરસિયા જરા આટલેથી અટકો
દિલને લોભાવે તારા લોચનનો લટકો
વારી વારી થાકી તો યે છેલ રે છબીલા તુ તો
અણજાણે આંખમાં છુપાતો
પાંદડુ લીલું ને રંગ રાતો



# ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી.
સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.
એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
અકલો અટૂલો ઝાંખો પડ્યો.
આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.
"ઉમાશંકર જોષી"



## મણિયારો તે હાલુ હાલુ

હાં........મણિયારો તે મણિયારો તે,
હલુ હલુ થઈ રે વિયો રે....
મુઝા દલડાં ઉદાસીમાં હોય રે,
છેલ મુઝો, વરગાણી મણિયારો,
હે છેલ મુઝો, પરદેશી મણિયારો... મણિયારો.
હાં........મણિયારો તે કળાયેલ મોરલો રે
કાંઈ હું રે ઢળકતી ઢેલ રે,
છેલ મુઝો, વરગાણી મણિયારો.... મણિયારો.
હાં........મણિયારો તે મહેરામણ મીઠડો
કંઈ હું તો સમદરિયાની લહેર રે,
હેલ મુઝો, હાલારી મણિયારો... મણિયારો.
હાં........મણિયારો જી અષાઢી મેહુલો રે
કાંઈ હું તો વાદળ કેરી વીજ રે,
હેલ મુઝો, હાલારી મણિયારો... મણિયારો.
હાં........અણિયાળી રે ગોરી તારી આંખડી રે,
હાં રે આંજેલ એમાં મેશ રે,
હેલ મુઝો, વરણાગી મણિયારો,
હેલ મુઝો, હાલારી મણિયારો... મણિયારો.

હાં........મણિયારો તે અડાબીડ આંબલો ને,
કાંઈ હું રે કોયલડીનો કંઠ રે,
છેલ મુઝો, હાલારી મણિયારો,
હે છેલ મુઝો, પરદેશી મણિયારો... મણિયારો.
હાં........પનિહારીનું ઢળકતું બેડલું રે
કાંઈ હું રે, છલકતું એમાં નીર રે,
છેલ મુઝો, વરણાગી મણિયારો,
છેલ મુઝો, હાલારી મણિયારો.... મણિયારો.

"અવિનાશ વ્યાસ"

## મને રૂપાની ઝાંઝરી ઘડાવ,

મને રૂપાની ઝાંઝરી ઘડાવ, ઓ વ્હાલમ વરણાગી
એને મીનાકારીથી મઢાવ, ઓ વ્હાલમ વરણાગી
આભલા ભરેલી મને ઓઢણી અપાવી દે
ઘાઘરાની કોરમાં મોરલો ચીતરાવી દે
હે મારા કમખામાં ભાત્યું પડાવ,
ઓ વ્હાલમ વરણાગી
મને રૂપાની ઝાંઝરી ઘડાવ,
ઓ વ્હાલમ વરણાગી
ઝીણીઝીણી પાંદડી નથણી ઘડાવી દે
ગુંથેલા કેશમાં દામણી સજાવી દે
હે મારા ડોકની હાસરી બનાવ,
ઓ વ્હાલમ વરણાગી
મને રૂપાની ઝાંઝરી ઘડાવ,
ઓ વ્હાલમ વરણાગી
સોના ઇંઢોણી ત્રાંબા ગરબો કોરાવી દે
ગરબામાં મમતાથી દીવડા પ્રગટાવી દે
હે ઢોલ —— શરણાઇ મંગાવ,
ઓ વ્હાલમ વરણાગી...



## મારા ભોળા દિલનો

મારા ભોળા દિલનો હાયે રે શિકાર કરીને
ચાલ્યા ગયાં આંખોથી આંખો ચાર કરીને
બિમાર કરીને, મારા ભોળા દિલનો...

મેં વિનવ્યું વારંવાર કે દિલ સાફ કરી લ્યો
કંઇ ભુલ હો મારી તો એને માફ કરી દ્યો
ના ના કહી, ના હા કહી, મુખ મૌન ધરીને,
ચાલ્યા ગયાં આંખોથી આંખો ચાર કરીને
બિમાર કરીને, મારા ભોળા દિલનો...

એક બોલ પર એનાં મેં મારી જિંદગી વારી
એ બેકદરને કયાંથી કદર હોય અમારી?
આ જોઈને, ને રોઈને દિલ મારું કહે છે,
શું પામ્યા જિંદગી ભર આહ! કરીને?
ચાલ્યા ગયાં આંખોથી આંખો ચાર કરીને
બિમાર કરીને, મારા ભોળા દિલનો...

છોને થઈ તકરાર હજુ પ્યાર બાકી છે
બન્ને દિલોમાં પ્રેમની ઝંકાર બાકી છે,
સંસારનાં વહેવારનો વેપાર બાકી છે,
બન્ને દિલોનાં મળવા હજુ તાર બાકી છે,
અભિમાનમાં ફુલાઇ ગયાં, જોયું ના ફરીને,
ચાલ્યા ગયાં આંખોથી આંખો ચાર કરીને
બિમાર કરીને, મારા ભોળા દિલનો...

"રમેશ ગુપ્તા"



મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો,

મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો,
રૂમાલ મારો લેતા જાજો, કે દલ દેતા જજો,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો !

લીલી ઘોડીના અસવાર રે, રૂમાલ મારો લેતા જજો,
એ લેતા જજો, કે દલ તમારું દેતા જજો,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો.

ઓલ્યા વાણિયાના હાટનો લીલો રૂમાલ,
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો.

ઉતારા આલીશ ઓરડા, રૂમાલ મારો લેતા જજો,
મેડી મોલાત્યું માણશું કે રૂમાલ મારો લેતા જજો.

ભોજન આલીશ લાડવા, રૂમાલ મારો લેતા જજો,
તને પીરસું સાકરિયો કંસાર, રૂમાલ મારો લેતા જજો.

નાવણ આલીશ કૂંડિયું, એ રૂમાલ મારો લેતા જજો,
ઝિલણિંયાં તળાવ જાઇશું, રૂમાલ મારો લેતા જજો !
મારી સગી નણંદના વીરા, રૂમાલ મારો લેતા જજો !

# મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ

મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ,
મુખેથી મોરલી બજાવતા રે લોલ.
હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ
ઓઢણ અંબર વીસરી રે લોલ.
હું તો પાણીડાંની મસે જોવા નીસરી રે લોલ,
ઇંઢોણી ને પાટલી વીસરી રે લોલ.
સાગ રે સીસમની મારી વેલડી રે લોલ
નવલે સુતારે ઘડી પીંજણી રે લોલ.
મેં તો ધોળો ને ધમળો બે જોડિયા રે લોલ
જઇ અને અમરાપરમાંમાં છોડિયા રે લોલ
અમરાપરના તે ચોકમાં દીવા બળે રે લોલ
મેં તો જાણ્યું ક એ હરિ અહીં વસે રે લોલ
મેં તો દૂધ ને સાકરનો શીરો ક્ર્યો રે લોલ
ત્રાંબાના ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ
હું તો જમવા બેઠી ને જીવણ સાંભર્યા રે લોલ
કંઠેથી કોળિયો ન ઊતર્યો રે લોલ
મને કોઇ તો દેખાડો દીનાનાથને રે લોલ
કોળિયો ભરાવું જમણા હાથનો રે લોલ

હું તો ગોંદરે તે ગાવડીને છોડતી રે લોલ
ચારેય દિશે તે નજર ફેરતી રે લોલ
મેંતો છેટેથી છેલવર દેખિયા રે લોલ
હરિને દેખીને ઘૂંઘટ ખોલિયા રે લોલ
મારી શેરીએ તે કાનકુંવર આવતા રે લોલ
મીઠી તે મોરલી વગાડતા રે લોલ



# <u>મારી ગાગરડીમાં ગંગા જમુના રે,</u>

મારી ગાગરડીમાં ગંગા જમુના રે,
પનઘટ પાણી મારે જાવા નથ્થ/નથ.
નથ્થ નીર હવે બીજા મારે ખપના રે,
પનઘટ પાણી મારે જાવા નથ્થ.

ભરી રે તલાવડીમાં ચંદરનો છાંયો,
પાણી રે ભરતા મારે બેડલે પુરાયો,
મારી ગાગરડીમાં પાણી પૂનમનાં રે,
પનઘટ પાણી મારે જાવા નથ્થ/નથ.
મારી ગાગરડીમાં...

ઘટમાં પાણી ઘૂંઘટમાં પાણી,
પાણીથી કરે પાણી વાત્યું રે છાની
મારી ગાગરડીમાં પાણી તનમનનાં રે,
પનઘટ પાણી મારે જાવા નથ્થ/નથ.
મારી ગાગરડીમાં...
"અવિનાશ વ્યાસ"



## મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે,

મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે,
મારાં હૈડાં હારોહાર, મારાં દલડે લેરાલેર જાય,
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર ક્યાં બોલે.....મારે ટોડલે બેઠો.....

મારે કમખે બેઠો રે, મોર ક્યાં બોલે
મારી ચુંદડી લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર ક્યાં બોલે
મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

મારા કડલે બેઠો રે, મોર ક્યાં બોલે
મારી કાંબીયું લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર ક્યાં બોલે
મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.



## મારે તે ગામડે એકવાર આવજો...

મારે તે ગામડે એકવાર આવજો,
હે આવો ત્યારે મને સંદેશો કહાવજો
મારે તે ગામડે એકવાર આવજો

મારા માખણીયા મીઠાં મીઠાં ચાખજો,
મારે તે ગામડે એકવાર આવજો

મીઠાં માખણથી ભરી મટકી મારી આજ
મનમોહન આવો તમે માખણ ખાવા કાજ
સૂનાં સૂનાં છે ગામ રાધાનાં શ્યામ વીનાં
સૂનું સૂનું છે ગામ આજે ઘનશ્યામ વીનાં

અંતરનાં દ્વાર કહો ક્યારે ઉઘાડશો
મીઠી મીઠી મોરલી કહો ક્યારે વગાડશો
હે જમનાને તીર રાસ ક્યારે રચાવશો
મારે તે ગામડે એકવાર આવજો

વાગ્યા મૃદંગ હો રે.. જાગ્યા ઉમંગ કંઇ
આવ્યા પ્રસંગ રંગભીના હો...
મારાં માખણીયા મીઠાં મીઠાં ચાખજો
મારે તે ગામડે એકવાર આવજો



## મુને એકલી જાણીને ક્હાને છેડી રે...

મુને એકલી જાણીને ક્હાને છેડી રે...
પછી કહી દઉં જશોદાના કાનમાં.
મારો મારગડો છોડીને હાલતો થા...
પછી કહી દઉં જશોદાના કાનમાં.

મેળામાં મળવા હાલી, મારી સરખી સૈયરને
મેળામાં મળી ગયો પેલો રે તોફાની ક્હાન,
મારો છેડલો ન ઝાલ, તને કહી દઉં છું...
પછી કહી દઉં જશોદાના કાનમાં.

મુને એકલી જાણીને ક્હાને છેડી રે...

બેડલું લઇને હું તો સરોવર ગઇ'તી
પાછું વળીને જોયું, બેડલું ચોરાઇ ગયું,
મારા બેડલાનો ચોર, મારે કેમ લેવો ખોળી...
દઇ દે બેડલું રે ઓ મારા ક્હાનજી.

મુને એકલી જાણીને ક્હાને છેડી રે...



# <u>મુંબઇથી ગાડી આવી રે, હો દરિયાલાલા</u>

આવી આવી આવી આવી ગાડી આવી રે....
મુંબઇથી ગાડી આવી રે, હો દરિયાલાલા

ઇ રે ગાડી કિયા ગામ હાલી રે, હો દરિયાલાલા
ઇ રે ગામ ગોકુળિયે હાલી રે, હો દરિયાલાલા
ઇ ગાડીને ઉભી રાખો રે...

ઇ રે ગાડી ઉંધે મારગ હાલી રે, હો દરિયાલાલા
ઇ ગાડીને પાછી વાળો રે,

ઇ ગાડીમાં કોણ કોણ બેઠું રે, હો દરિયાલાલા
ઇ ગાડીમાં ગોવાળિયા બેઠા રે, હો દરિયાલાલા
ઇ ગાડીનો પાવો વગાડો રે...

ઇ ગાડીમાં ગીતડા ગવડાવો રે, હો દરિયાલાલા
———- ઢોલને ધમકાવો રે, હો દરિયાલાલા
ઇ ગાડીને જલ્દી હાંકો રે,



# મેલી મત જા મને એકલી વણજારા

મેલી મત જા મને એકલી વણજારા
મેલી મત જા, પરદેશમાં વણજારા
જીઓ વણજારા, જીઓ વણજારા....

સોનું જાણીને તારો સંગ કર્યો વણજારા,
મારે કરમે નીકળ્યા કથીર રે, વણજારા...
જીઓ વણજારા, જીઓ વણજારા...

ડુંગર માથે તારી દેરડી વણજારા,
હું તો ચડી ચડી જોઉં તારી વાટ રે, વણજારા...
જીઓ વણજારા, જીઓ વણજારા....

કાજી મામદશાની વિનંતી વણજારા,
તમે રહી જાઓ આજની રાત રે, વણજારા....
જીઓ વણજારા, જીઓ વણજારા...

"કાજી મામદશા"



# મેંદી રંગ લાગ્યો

તન છે રૂપનું હાલરડું ને આંખે મદનો ભાર
ઘૂંઘટમાં જોબનની જ્વાળા ઝાંઝરનો ઝમકાર
લાંબો છેડો છાયલનો, ને ગજરો ભારોભાર
લટકમટકની ચાલ ચાલતી જુઓ ગુર્જરી નાર
મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે
મેંદી રંગ લાગ્યો રે
નાનો દિયરડો લાડકો જે, કંઇ લાવ્યો મેંદીનો છોડ રે ...
મેંદી ...
વાટી ઘૂંટીને ભર્યો વાટકો ને ભાભી રંગો તમારા હાથ રે ...
મેંદી ...
હે... લાંબો ડગલો, મૂછો વાંકડી, શિરે પાઘડી રાતી
બોલ બોલતો તોળી તોળી છેલછબીલો ગુજરાતી
હે.. તન છોટુ પણ મન મોટું, છે ખમીરવંતી જાતી
ભલે લાગતો ભોળો, હું છેલછબીલો ગુજરાતી
હાથ રંગીને વીરા શું રે કરું?
એનો જોનારો પરદેશ રે ... મેંદી ...
મેંદી તે વાવી માળવે ને
એનો રંગ ગયો ગુજરાત રે મેંદી રંગ લાગ્યો રે.



# રસમ અહીંની જુદી, નિયમ સાવ નોખા

રસમ અહીંની જુદી, નિયમ સાવ નોખા
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા

હવાયેલી સળીઓ જ ભીતર ભરી છે
અહીંના જીવન જાણે કે બાકસનાં ખોખાં

લચ્યા'તા જે આંખે લીલા મોલ થઈને
હવે એ જ સપનાં છે સુક્કાં મલોખાં

તું તરસ્યાને આપે છે ચીતરેલાં સરવર
તને ટેવ છે તો કરે કોણ ધોખા

વહાવ્યા કરું આંગળીમાંથી ગંગા
કે ક્યારેક જો હાથ થઈ જાય ચોખ્ખા

"મનોજ ખંડેરિયા"

# <u>એક રજકણ સૂરજ થવાને શમણે,</u>

એક રજકણ સૂરજ થવાને શમણે,
ઉગમણે જઇ ઊડે, પલકમાં ઢળી પડે આથમણે.
જળને તપ્ત નજરથી શોશી
ચહી રહે ઘન રચવા,
ઝંખે કોઇ દિન બિંબ બનીને
સાગરને મન વસવા
વમળ મહીં ચકરાઇ રહે એ કોઇ અકળ મૂંઝવણે.
એક રજકણ...
જ્યોત કને જઇ જાચી દીપ્તિ,
જ્વાળ કને જઇ લ્હાય;
ગતિ જાચી ઝંઝાનિલથી,
એ રૂપ ગગનથી ચ્હાય;
ચકિત થઇ સૌ ઝાંખે એને ટળવળતી નિજ ચરણે.
એક રજકણ...
“હરીન્દ્ર દવે”



<u>વાંસલડી ડૉટ કૉમ</u>

વાંસલડી ડૉટ કૉમ, મોરપિચ્છ ડૉટ કૉમ, ડૉટ કૉમ વૃંદાવન આખું,
કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે કે કયાં કયાં નામ એમાં રાખું ?

ધારો કે મીરાંબાઈ ડૉટ કૉમ રાખીએ તો રાધા રિસાય એનું શું ?
વિરહી ગોપીનું ગીત એન્ટર કરીએ ને ક્યાંક ફ્લૉપી ભીંજાય એનું શું ?
પ્રેમની આ ડિસ્કમાં તો એવી એવી વાનગી કે કોને છોડું ને કોને ચાખું ?
કાનજીની વેબસાઈટ...

ગીતાજી ડૉટ કૉમ એટલું ઉકેલવામાં ઊકલી ગઈ પંડિતની જાત.
જાત બળી જાય છતાં ખ્યાલ ના રહે ને એ જ માણે આ પૂનમની રાત.
તુલસી, કબીર, સુર, નરસૈંયો થઈએ તો ઊકલે છે કંઈક

ઝાંખું ઝાંખું.

કાનજીની વેબસાઈટ...

એ જ ફક્ત્ પાસવર્ડ મોકલી શકે છે જેના સ્ક્રીન ઉપર નાચે

છે શ્યામ.

એને શું વાઇરસ ભૂંસી શકવાના જેનાં ચીર પૂરી આપે

ઘનશ્યામ ?

ઇન્ટરનેટ ઉપર એ થનગનતો આવે, હું કોઈ દિવસ વિન્ડો

ના વાખું.

કાનજીની વેબસાઈટ...

“કૃષ્ણ દવે”



# વાદલડી વરસી રે....

ધનન ધનન ગરજે બાદલ, ધનન ધનન બાજે પાયલ
પંચમ સૂરમેં બોલે કોયલ, બોલે પપીહા હોકે ઘાયલ
આઓ આઓ મનહર ગાઓ.... મેઘા આઓ રે....
અંગ અંગ બરસાઓ.... અંગ અંગ બરસાઓ....
વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં
હે સાસરીયામાં મ્હાલવું રે પિયરીયામાં છુટાં પડ્યા
હે વાદલડી વરસી રે....
મારા પગ કેરાં કડલાં રે વિરો મારો લેવા હાલ્યો
હે વિરા લઇને વેહલો આવજે રે સાસરીયા મારી ઘેરે બેઠા
હે વાદલડી વરસી રે....
મારા હાથ કેરી ચૂડલી રે વિરો મારો લેવા હાલ્યો
હે વિરા લઇને વેહલો આવજે રે સાસરીયા મારી ઘેરે બેઠા
હે વાદલડી વરસી રે....
મારા નાક કેરી નથણી રે વિરો મારો લેવા હાલ્યો
હે વિરા લઇને વેહલો આવજે રે સાસરીયા મારી ઘેરે બેઠા
હે વાદલડી વરસી રે....



# <u>सारे जहां से अच्छा हिन्दुस्तां हमारा</u>

सारे जहां से अच्छा हिन्दुस्तां हमारा
हम बुलबलें हैं उसकी ये गुलसिता हमारा

गुरबत में हों अगर हम, रहता है दिल वतन में
समझो वहीं हमें भी दिल है जहा हमारा

पर्वत वो सबसे ऊंचा हम्साया आसमां का
वो संतरी हमारा वो पासबां हमारा

गोदी में खेलती हैं जिसकी हजारों नदियां
गुलशन है जिसके दम से रशके जिनां हमारा

ऐ आबे रौदे गंगा ! वो दिन है याद तुझको
उतरा तेरे किनारे जब कारवां हमारा

मज़हब नहीं सिखाता आपस में बैर रखना
हिन्दी हैं हम, वतन है हिन्दुस्तां हमारा



# <u>સાંવરિયો રે મારો સાંવરિયો</u>

સાંવરિયો રે મારો સાંવરિયો
હું તો ખોબો માંગુને દઈ દે દરિયો

જાણે અત્તર ઢોળાયું રૂમાલમાં
એવી લથબથ ભીંજાણી હું વ્હાલમાં
મારા વાલમનું નામ મારું નાણુ
ભર્યા જીવતરને ગુલાલ જેવું જાણ્યું
જાણ્યું રે એણે ખાલી ઘડામાં ટહુકો કરિયો
ખોબો માંગુને....

કોઈ પૂછે કે ઘર તારું કેવડું
મારા વાલમજી બાથ ભરે એવડું
આંખ ફડકી ઉજાગરાથી રાતી રાતી
ઝીણા ધબકારે ફાટફાટ છાતી
છબીલો મારો સાવ ભોળો ને સાવ બાવરિયો
ખોબો માંગુને......
"રમેશ પારેખ"



# શાંત ઝરૂખે વાટ નિરખતી

શાંત ઝરૂખે વાટ નિરખતી
રૂપની રાણી જોઇ હતી
મેં એક શહજાદી જોઇ હતી......
એના હાથની મહેંદી હસતી'તી,
એની આંખનું કાજળ હસતું'તુ,
એક નાનું સરખું ઉપવન જાણે
મોસમ જોઇ મલકતું'તુ.
એના સ્મિતમાં સો સો ગીત હતાં,
એની ચુપકીદી સંગીત હતી,
એને પડછાયાની હતી લગન,
એને પગરવ સાથે પ્રીત હતી.
એણે આંખના આસોપાલવથી,
એક સ્વપ્નમહલ શણગાર્યો'તો,
જરા નજરને નીચી રાખીને,
એણે સમયને રોકી રાખ્યો'તો.
એ મોજાં જેમ ઉછળતી'તી,
ને પવનની જેમ લહરાતી'તી,
કોઇ હસીન સામે આવે તો ,
બહુ પ્યારભર્યું શરમાતી'તી.
તેને યૌવનની આશિષ હતી,
એને સર્વ કળાઓ સિધ્ધ હતી,

એના પ્રેમમાં ભાગીદાર થવા,
ખુદ કુદરત પણ આતૂર હતી......
વર્ષો બાદ ફરીથી આજે
એ જ ઝરૂખો જોયો છે.
ત્યાં ગીત નથી, સંગીત નથી;
ત્યાં પગરવ સાથે પ્રીત નથી.
ત્યાં સ્વપ્નાઓના મહેલ નથી,
ને ઉર્મિઓના ખેલ નથી.
બહુ સૂનું સૂનું લાગે છે,
બહુ વસમું વસમું લાગે છે.
એ ન્હોતી મારી પ્રેમિકા,
કે ન્હોતી મારી દુલ્હન,
મેં તો એને માત્ર ઝરૂખે
વાટ નીરખતી જોઇ હતી.
કોણ હતી એ નામ હતું શું ?
એ પણ હું ક્યાં જાણું છું ?
એમ છતાંયે દિલને આજે
વસમું વસમું લાગે છે,
બહુ સૂનું સૂનું લાગે છે......
“સૈફ પાલનપૂરી”



## શિવાજીનું હાલરડુ

આભમાં ઊગેલ ચાંદલો, ને જીજાબાઇને આવ્યાં બાળ રે (2)

બાળુડાને માત હીંચોળે

ઘણણણ ડુંગરા બોલે.

શિવાજીને નીંદરું ના'વે

માતા જીજાબાઇ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ - લખમણની વાત

માતાજીને મુખ જે દીથી,

ઊડી એની ઊંઘ તે દીથી....શિવાજીને...

પોઢજો રે, મારાં બાળ ! પોઢી લેજો પેટ ભરીને આજ –

કાલે કાળાં જુદ્ધ ખેલાશે :

સૂવાટાણું ક્યાંય ન રહેશે....શિવાજીને...

ધાવજો રે, મારાં પેટ ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ –

રહેશે નહીં, રણઘેલુડા !

ખાવા મૂઠી ધાનની વેળા.....શિવાજીને...

પ્હેરી - ઓઢી લેજો પાતળાં રે ! પીળાં-લાલ-પીરોજી ચીર –

કાયા તારી લોહીમાં ન્હાશે :

ઢાંકણ તે દી ઢાલનું થાશે....શિવાજીને...

ઘૂઘરા, ઘાવણી, પોપટ-લાકડી ફેરવી લેજો આજ –
તે દી તારે હાથ રહેવાની
રાતી બંબોળ ભવાની....શિવાજીને...
લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસરાઆડ્ય –
તે દી તો સિંદોરિયા થાપા
છાતી માથે ઝીલવા, બાપા!....શિવાજીને...
આજ માતા ચોડે ચૂમીયું રે બાળા ! ઝીલજો બેવડ ગાલ –
તે દી તારાં મોઢડાં માથે
ધૂંવાધાર તોપ મંડાશે.......શિવાજીને...
આજ માતાજીની ગોદમાં રે તુંને હૂંફ આવે આઠ પ્હોર –
તે દી કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વાશે.....શિવાજીને...
આજ માતા દેતી પાથરી રે ફૂણાં ફૂલડાં કેરી સેજ –
તે દી તારી વીરપથારી
પાથરશે વીશભુજાળી......શિવાજીને...
આજ માતાજીને ખોળલે રે તારાં માથડાં ઝોલે જાય –
તે દી તારે શિર ઓશીકાં
મેલાશે તીર- બંધૂકા....શિવાજીને...

સૂઈ લેજે, મારા કેસરી રે ! તારી હિંદવાણ્યું જોવે વાટ –

જાગી વ્હેલો આવ, બાલુડા !

માને હાથ ભેટ બંધાવા....શિવાજીને...

જાગી વ્હેલો આવજે, વીરા !

ટીલું માના લોહીનું લેવા !

શિવાજીને નીંદરું ના'વે

માતા જીજાબાઇ ઝુલાવે.

બાળુડાને માત હીંચોળે

ધણણણ ડુંગરા બોલે.

“ઝવેરચંદ મેઘાણી”



# <u>હસ્તાક્ષર</u>

અંતરનાં પાને હળવેથી અંકાયા સ્વર અક્ષર;
સૂર-શબ્દના થાય હૃદય પર સહિયારા હસ્તાક્ષર;
એવા આ હસ્તાક્ષર.
વતન તણી માટીની ફોરમ ભીંજવી દેતી ભીતર;
ફૂલ-ફૂલની ઓળખ લઇને ખુશ્બુ વહેતી ઘર ઘર;
સમય ભલેને સરી જાય પણ અમર રહે સ્વર અક્ષર;
સૂર-શબ્દના થાય હૃદય પર સહિયારા હસ્તાક્ષર;
એવા આ હસ્તાક્ષર.
એક જ નાની ફૂંક વહે ને એક બંસરી વાગે;
એક જ પીંછીં રંગ ભરે ને દ્રશ્ય સજીવન લાગે;
કંઠ એક જો બને પૂજારી ગીત બને પરમેશ્વર;
સૂર-શબ્દના થાય હૃદય પર સહિયારા હસ્તાક્ષર;
એવા આ હસ્તાક્ષર.

"શ્યામલ મુન્શી."



## હાં આં.....આં હાલાં !

હાં આં.....આં હાલાં ! હાલ્ય વાલ્ય ને હાંસીનો,
રાતો ચૂડો ભાઇની માશીનો;
માશી ગ્યાં છે માળવે,
ભાઇનાં પગલાં રે જાળવે.
હાં.....હાં હાલાં !
હાલ્ય વાલ્ય ને હાંસી
લાડવા લાવશે ભાઇની માશી,
માશી ગ્યાં છે મ'વે
લાડવા કરશું રે હવે.
હાં.....હાં હાલાં !
હાલ્ય વાલ્ય ને હલકી,
આંગણે રોપાવો રે રૂડી ગલકી;
ગલકીનાં ફૂલ છે રાતાં,
ભાઇનાં મોસાળિયાં છે માતાં;
માતાં થૈને આવ્યાં,
આંગલાં ટોપી રે લાવ્યાં;
આંગલાં ટોપીએ નવનવી ભાત
ભાઇ તો રમશે દા'ડો ને રાત;
મોસાળમાં મામી છે ધુતારી
આંગલાં લેશે રે ઉતારી;

મામાને માથે રે મોળિયાં,
ભાઇનાં ઉતરાવશે હિંગળોકિયાં ઘોડિયાં.
હાં.....હાં હાલાં !

હાલ્ય વાલ્ય ને હેવૈયો,
ભાઇને ભાવે રે લાડુ સેવૈયો;
સેવૈયો પડ્યો છે શેરીમાં,
ભાઇ તો રમશે મા'દેવની દેરીમાં;
દેરીએ દેરીએ દીવા કરું,
ભાઇને ઘેરે તેડાવી વિવા કરું,
વિવા કરતાં લાગી વાર,
ભાઇના મામા પરણે બીજી વાર.
હાં.....હાં હાલાં !
હાલ્ય વાલ્યના રે હાકા,
લાડવા લાવે રે ભાઇના કાકા;
હાલ્ય વાલ્ય ને હુવા,
લાડવા લાવે રે ભાઇના ફુઆ;
ફુઆના તો ફોક,
લાડવા લાવશે ગામનાં લોક;
લોકની શી પેર,
લાડવા કરશું આપણે ઘેર;
ઘરમાં નથી ઘી ને ગોળ,

લાડવા કરશું રે પોર;
પોરનાં ટાણાં વયાં જાય,
ત્યાં તો ભાઇ રે મોટો થઇ જાય.
હાં.....હાં હાલાં !
હાલ્ય વાલ્ય ને હેલ્ય,
વગડે વસતી રે ઢેલ્ય;
ઢેલ્યનાં પગલાં તો રાતાં,
ભાઇના કાકા મામા છે માતા.
હાં.....હાં હાલાં !
હાલ્ય વાલ્ય ને હડકલી,
ભાઇને ઓઢવા જોવે ધડકલી.
હાં.....હાં હાલાં !
ભાઇ મારો છે વણઝારો,
સવાશેર સોનું લઇ શણગારો;
સોનું પડ્યું છે શેરીમાં,
ભાઇ મારો રમશે મા'દેવજીની દેરીમાં.
હાં.....હાં હાલાં !
ભાઇને દેશો નૈ ગાળ,
ભાઇ તો રિસાઇ જાશે મોસાળ;
મોસાળે મામી છે જૂઠી,
ધોકો લઇને રે ઊઠી;
ધોકો પડ્યો છે વાટમાં,

ને ભાઇ રમે રે હાટમાં,
હાં.....હાં હાલાં !
ભાઇ મારો છે ડાયો,
પાટલે બેસીને રે નાયો;
પાટલો ગ્યો રે ખસી,
ભાઇ મારો ઊઠ્યો રે હસી,
હાં.....હાં હાલાં !
ભાઇ મારો છે સાગનો સોટો,
આવતી વહુનો ચોટલો મોટો;
હાં.....હાં હાલાં !
ભાઇ મારો છે લાડકો,
જમશે ઘી-સાકરનો રે વાડકો;
ઘી-સાકર તો ગળ્યાં;
ભાઇના વેરીનાં મો બળ્યાં;
ઘી-સાકર ખાશે મારા બચુભાઇ,
વાટકો ચાટે રે મીનીબાઇ.
હાં.....હાં હાલાં !
ભાઇ મારો છે રે રાંક,
હાથે સાવ સોનાનો છે વાંક;
વાંકે વાંકે રે જાળી,
ભાઇની સાસુ છે કાળી !
વાંકે વાંકે રે ઘૂઘરી,

ભાઇની કાકી મામી છે સુઘરી !
વાંકે વાંકે મોતી થોડાં,
ભાઇને ઘેરે ગાડી ને ઘોડાં;
ઘોડાની પડઘી વાગે,
ભાઇ મારો નીંદરમાંથી જાગે;
ઘોડા ખાશે રે ગોળ,
ભાઇને ઘેરે હાથીની રે જોડ.
હાં.....હાં હાલાં !
ભાઇ મારો છે ગોરો
એની ડોકમાં સોનાનો રે દોરો;
દોરે દોરે રે જાળી,
ભાઇની કાકી રે કાળી.
હાં.....હાં હાલાં !
ભાઇ મારો છે અટારો,
ઘી ને ખીચડી ચટાડો;
ખીચડીમાં ઘી થોડું,
ભાઇને સારુ વાઢી ફોડું.
ઘી વિના ખીચડી લૂખી,
ભાઇના પેટમાં રે દુઃખી !
હાં.....હાં હાલાં !
ભાઇ ભાઇ હું રે કરું,
ભાઇ વાંહે ભૂલી ફરું;

ભાઇને કોઇએ દીઠો,
ફૂલની વાડીમાં જઇ પેઠો;
ફૂલની વાડી વેડાવો,
ભાઇને ઘેરે રે તેડાવો.
હાં.....હાં હાલાં !
હડ્ય તુતુડાં હાંકું,
ભાઇને રોતો રે રાખું;
તુતુડાં જાજો દૂર,
ભાઇ તો શિરાવશે દૂધ ને કૂર;
દૂધ ને કૂર તો લાગે ગળ્યાં,
ભાઇના આતમા રે ઠર્યા;
હડ્ય તુતુડાં હસજો,
વાડીમાં જઇને રે વસજો.
હાં.....હાં હાલાં !



## હું તો ફૂલડાં વીણવા ગઇ’તી...

હું તો ફૂલડાં વીણવા ગઇ’તી,
ત્યાં મને વિછુંડો ચટક્યો
એવો ચટક્યો એવો ચટક્યો,
કાળજે આવીને ખટક્યો  હું તો ફૂલડાં...
આવ્યા જેઠ-જેઠાણી,
મારી આખ્યુંમાં આવ્યા પાણી
હું ભોળી ભરમાઇ ગઈ ને
ડંખ મારીને વિછુંડો છટક્યો  હું તો ફૂલડાં...
સાસુ-સસરા ને નણંદ નાની,
કોઈએ મારી પીડાની જાણી
વૈદે ઘુંટ્યા ઓસડીયા
પણ વેરી વિછુંડો ન અટક્યો  હું તો ફૂલડાં...
રંગીલો નણદીનો વીરો,
મને જોઈને થયો આધિરો
એને જોતાં ગઈ વિછુંડો ભૂલી ને
જીવ મારો એનામાં ભટક્યો
હું તો ફૂલડાં...



# હુ તુ તુ તુ... જામી રમતની ઋતુ..

હુ તુ તુ તુ તુ તુ તુ તુ
જામી રમતની ઋતુ
આપો આપો એક મેક ના થઇ ને ભેરુ સારુ
જગત રમતું આવ્યું ને રમે છે હુ તુ તુ તુ તુ

તેજ ને તિમિર રમે... હુ તુ તુ તુ હુ તુ તુ તુ
પાણી ને સમીર રમે.. હુ તુ તુ તુ હુ તુ તુ તુ
વાદળની ઓથે બેઠા સંતાયેલા પ્રભુજીને
પામવાને સંતને ફકીર રમે હુ તુ તુ તુ તુ તુ તુ તુ...

એક મેકને મથે પકડવા સારા નરસા સ્વારથ સાથે
ધમ્માચકડી પકડા પકડી અવળે સવળે આટે પાટે
ખમીર થી ખમીરનો ખેલ રે મંડાયો ભાઇ
હોય જગ જાગતું કે હોય સુતું........ હુ તુ તુ તુ તુ તુ તુ તુ...
ભેરૂં તો દેખાવ કરીને ખેલ ખેલતા ઉંચે શ્વાસે
પર ને કેમ પરાજીત કરવો અંતર પ્રગટી એક જ આશે
વિધ વિધ નામ ઘરી સંસારની કેડી માથે

ખાકનાં ખિલોના રમે સાચું અને જુઠું........ હુ તુ તુ તુ તુ તુ
તુ તુ...

મનડાની પાછળ મન દોડે તનડું તન ને ઢુંઢે
ધનની પાછલ ધન દોડતું પ્રપંચ ખેલી ઉંડે
જાત જાત ભાત ભાત ના વિચાર દાવ પેચ
કયારે મળે લાગ અને ક્યારે લુટું ?......... હુ તુ તુ તુ તુ તુ
તુ તુ...

“અવિનાશ વ્યાસ”



## હે તને જાતાં જોઇ

હે તને જાતાં જોઇ પનઘટની વાટે, મારું મન મોહી ગયું;
હે તારા રૂપાળા ગોરા ગોરા ઘાટે, મારું મન મોહી ગયું.
હે તને જાતાં જોઇ...

કેડે કંદોરો ને કોટમાં દોરો,
તારા લહેરિયાની લાલ લાલ ભાતે, મારું મન મોહી ગયું.
હે તને જાતાં જોઇ...

બેડલું માથે ને મહેંદી ભરી હાથે,
તારી ગાગરની છલકાતી ઝાંટે, મારું મન મોહી ગયું.
હે તને જાતાં જોઇ...

રાસે રમતી, આંખને ગમતી
પૂનમની રઢિયાળી રાતે, મારું મન મોહી ગયું.
હે તને જાતાં જોઇ...

હે તને જાતાં જોઇ પનઘટની વાટે, મારું મન મોહી ગયું;
હે તારા રૂપાળા ગોરા ગોરા ઘાટે, મારું મન મોહી ગયું.

"અવિનાશ વ્યાસ"

# હે મુને એકલી મૂકીને રમે રાસ....

હે મુને એકલી મૂકીને રમે રાસ
રંગીલા રાજા હવે નહી આવું તારી પાસ
હે મુને એકલી....

મનની માનેલી તને.. મેલું શું એકલી
વા’લી લાગે છે મુને.. રાધા રુઠેલી
હે મારા તન-મનમાં તારો રે અવાજ
રંગીલા રાજા હવે નહી આવું તારી પાસ
હે મુને એકલી....

અરે નંદનો કિશોર.. આતો નિકળ્યો રે ચોર
મેં તો માન્યો તો મોર.. આતો હરાયો ઢોર
હે મારે નથી જાવું એની ઓર
રંગીલા રાજા હવે નહી આવું તારી પાસ
હે મુને એકલી....



## હે રંગલો

હે રંગલો, જામ્યો કાલંદરી ને ઘાટ,
છોગાળા તારા,
હો રે છબીલા તારા, હો રે રંગીલા તારા
રંગભેરૂ જુએ તારી વાટ, રંગલો...
હે હાલ્ય હાલ્ય હાલ્ય, વહી જાય રાત વાત માં ને,
માથે પડશે પ્રભાત, છોગાળા તારા,
હો રે છબીલા તારા, હો રે રંગીલા તારા
રંગભેરૂ જુએ તારી વાટ, રંગલો.
હે રંગરસીયા,
હે રંગરસીયા તારો રાહડો માંડી ને, ગામને છેવાડે બેઠા,
કાના તારી ગોપલીએ, તારે હાટુ તો કામ બધા મેલ્યાં હેઠાં.
હે તને બરકે તારી જશોદા તારી માત...
છોગાળા તારા,હો રે છબીલા તારા,
હો રે રંગીલા તારા રંગભેરૂ જુએ તારી વાટ, રંગલો.
મારા પાલવ નો છેડલો મેલ,
છોગાળાઓ છેલકે
મન મારું મલકે છે.
એ હું મોરલો ને તું તો મારી ઢેલ,

હું છોડવો તું વેલકે મન મારું ધડકે છે.

હે હે હે.....હે જી

સાંજ ને સુમારેજ્યારે સુર જ્યાં નમે

નર નાર લગે તારસંગ રંગ રમે

કોઇ રૂપની કટોરી, કોઇ રૂપનો કટોરો

કોઇ શ્યામ, કોઇ ગોરો રમે છોરી અને છોરો

ધરણી ધમધમે.....

હે જી રે.....તુર તુર તુર

ગાંડીતુર શરણાઇ કેરા સુર વીંધે ઉર ચકચુર

સંગે તાલ ને નુપુર તારુ પાદર ને પુર

સામ સામ સામે

હે જીણું જીણું વાગતી રે વેણુંરે

ને ગામને પાદર ઉડતી રે રેણું

ને નાચતી રે આવે કોઇ ગામની રે ઘેનું

છેલ રે છબીલી નાર છમ્ છમ્ છમે.

છેલ રે છબીલી નાર છમ્ છમ્ છમે

"અવિનાશ વ્યાસ"



## હો રંગ રસિયા!

હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો
આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો
આ ઝાલઝૂમણા વહોરતાંને, વ્હાણલાં વાહી ગયાં
હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો
આજ અમે ગ્યા'તા મણિયારાને હાટ જો
આ ચૂડલડો ઉતરાવતાં, વ્હાણલાં વાહી ગયાં
હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો
આજ અમે ગ્યા'તાં કસુંબીને હાટ જો
આ ચૂંદલડી વહોરતાંને, વ્હાણલાં વાહી ગયાં
હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો
આજ અમે ગ્યા'તાં મોચીડાને હાટ જો
આ મોજડિયું મૂલવતાંને, વ્હાણલાં વાહી ગયાં
હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો



# જ્યાં જ્યાં નઝર મારી ઠરે

જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!
માશુકોના ગાલની લાલી મહીં લાલી અને
જ્યાં જયાં ચમન જયાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!
જોઉં અહીં ત્યાં આવતી દરીયાની મીઠી લહર
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !
તારા ઉપર તારા તણા ઝુમી રહ્યાં છે ઝુમખાં
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !
આ ખુનને ચરખે અને રાતે હમારી ગોદમાં
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સીતારી આપની !
આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા
યાદી બનીને ઢાલ ખેંચાઇ રહી છે આપની !
દેખી બુરાઈ ના ડરુ હું શી ફીકર છે પાપ ની ?
ધોવા બધે બુરાઇને ગંગા વહે છે આપની.

"કલાપી"



# ઝાંઝર અલકમલકથી આવ્યું રે,

ઝાંઝર અલકમલકથી આવ્યું રે,
મને વ્હાલાએ પગમાં પહેરાવ્યું રે,
મારું ઝમકે ઝમઝમ ઝાંઝરણું.

એને ઘૂઘરે ઘમકે તારલિયા,
એને પડખે ચમકે ચાંદલિયા;
એને મોઢે તે બેઠા મોરલિયા - મારું

એ રાજાએ માગ્યું ઝાંઝરણું,
એ રાણીએ માગ્યું ઝાંઝરણું;
તોયે વ્હાલે દીધું મને ઝાંઝરણું - મારું

ઝાંઝર પ્હેરી પાણીડાં હું ચાલી,
મારી હરખે તે સરખી સાહેલી;
એને ઠમકારે લોકની આંખ ઝાલી - મારું

'સુંદરમ' ત્રિભોવનદાસ લુહાર